Could not break=તોડી શકે નહિ.
Roared (રોર્ડ)=ગર્જના કરી.
Till (ટિલ)=ત્યાંસુધી.
Forest (ફૉરેસ્ટ)=જંગલ.
Shake (શેક)=ધ્રુજવું.
Hunters (હન્ટર્સ)=શિકારીઓ.
Tied (ટાઇડ)=બાંધ્યો.
And made him fast, as fast could be=અને જેટલો સખત બાંધી શકાય તેટલો સખત બાંધ્યો.
They thought next day=તેઓએ બીજે દિવસે વિચાર કર્યો.
Beast (બીસ્ટ)=પશુ.
To Bring (ટુ બ્રિંગ)=લાવવાને.
Captive (કૅપ્ટિવ)=કેદી.
Lord (લૉર્ડ)=માલિક, ધણી.
Were sleeping=ઉંઘતા હતા.
Heard (હર્ડ)=સાંભળ્યું.
Sound (સાઉન્ડ)=અવાજ.
Creeping (ક્રીપિંગ)=પેટે ચાલતું.
Tiny (ટાઇનિ)=ઘણો, ઘણો નાનો.
Face (ફેસ)=ચહેરો.
Peeping (પીપિંગ)=ડોકીયાં કરતું.
Weak (વીક)=નબળો, દુબળો.
Squeak (સ્કવીક)=ચું ચું અવાજ કરવો, ચું ચું અવાજ.
Was heard today=આજે કહેતું સાંભળ્યું.
You spared my life=મારૂં જીવન તમે ઉગાર્યું.

The other day=બીજે દિવસે.	Right through=તમામ, સળંગ.
What I can do=હું શું કરી શકું.	Useful (યુઝફુલ)=ઉપયોગી.
Gnawed (ગ્નોડ)=કાતરી નાખ્યું.	Little friends=નકામા જેવા મિત્રો.
Rope (રોપ)=દોરડું.	Can be=થઇ શકે.

૧. એક દિવસ એક ઉંદરડીએ બહાર ફરવા જતાં એક સિંહને તડકામાં ઉંઘતો પડેલો જોયો. તે ફરીથી ને ફરીથી તેની પીઠ ઉપર કુદી, તેની કેશવાળીમાં સંતાઈ ગઇ, તેના નાક ઉપર દોડાદોડ કર્યું. તેણે તેની આંખો ઉઘાડી અને બીજુંએ કર્યું કે તેણે તેનાં જડબાં ઉઘાડયાં અને તેના એક પંજાથી તેને મજબુત પકડી રાખી, ત્યારે તે આશ્ચર્ય પામી.

૨. બિચારી નાની ઉંદરડી બીકની મારી મરી ગઇ. આખે શરીરે ધ્રુજતી, થરથરતી અને કાંપતી તે બોલી, "ઓ મહારાજા, મને માફ કરો! અરે મહેરબાની કરી મને ક્ષમા આપો! અરે મારી જીંદગી બચાવો! અરે મને જીવવા દો! મારે કાલ રમત રમવી હતી; હવે હું તમારા રસ્તામાં કદી આવીશ નહિ. અને કોઇ બીજે દિવસે કદાચ હું તમને મદદ કરૂં."

૩. મહાન સિંહ હસ્યો. તેણે કહ્યું, "આવી નજીવી વસ્તુ આવા મોટા સિંહને જરાએ મદદ કરી શકે? પણ તેણે તેનો પંજો ઉચકી લીધો અને તે ભાગી ગઇ અને તેના દરમાં બાકીનો દિવસ રહી.

ભાગ ૨.

૪. એક દિવસ એવું બન્યું કે, શિકાર માટે ફરતાં સિંહ એક જાળમાં પકડાઇ ગયો. જ્યારે તેને માલમ પડયું કે જાળને તે તોડી શકશે નહિ, ત્યારે તેણે જંગલ ધ્રુજી જાય ત્યાંસુધી ગર્જના કરી. શિકારીઓએ તેને જેટલો મજબુત બાંધી શકાય તેટલો મજબુત ઝાડ સાથે બાંધ્યો હતો. તેમણે બીજે દિવસે એક કેદી તરીકે એ પશુને તેમના માલીક કે રાજા પાસે લઇ જવા વિચાર કર્યો હતો.

પણ રાતે જ્યારે તેઓ ઉંઘતા હતા, ત્યારે તેણે કંઇક પેટે ચાલતું હોય એવો અવાજ સાંભળ્યો અને પછી એક તીણો ચહેરો ડોકીયું કરતો

સાંભળ્યો. અને એક નબળો ચું ચું અવાજ એમ કહેતો સાંભળ્યો કે, " તેં ગઇ કાલે મારૂં જીવન બચાવ્યું તો તું જોશે કે હવે હું શું કરી શકું છું." અને નાની ઉંદરડીએ દોરડાને તદ્દન કાતરી નાંખ્યું. તેણે કહ્યું, " અને હવે કદાચ તું જોઇશ કે નજીવા મિત્રો કેટલા ઉપયોગી થઇ પડે છે."

Grammar.

Syllable (સિલૅબલ)=પદ, ભાગ (શબ્દોના). અંગ્રેજીમાં શબ્દના જેટલા અક્ષરનો એક ઉચ્ચાર થાય તેને " સિલેબલ " કહે છે.

Yesterday (યસ્ટરડે)=ગઇ કાલે.

Alphabet (આલ્ફાબેટ)=મૂળાક્ષર.

15. Our Servants=આપણા ચાકરો.

Servants (સરવન્ટસ)=ચાકરો.

Named (નેઇમ્ડ)=નામે.

Dasa (દાસ)=દાસ છોકરાનું નામ.

Venkata (વેંકટ)=વેંકટ-છોકરાનું નામ.

Same (સેઇમ)=એક જ.

Rich man (રિચ મૅન)=પૈસાદાર માણસ.

Used to wear (યુઝડ ટુ વેર)= પહેર્યા કરતો હતો.

Gold (ગોલ્ડ)=સોનાની.

Bangles (બૅંગલ્સ)=કલ્લાંઇઓ, બંગડીઓ.

Poor man (પુઅર મૅન)=ગરીબ માણસ.

Cooked (કુક્ડ)=રાંધતો હતો.

As he had no mother=કારણ કે તેને મા ન હતી.

As (ઍઝ)=કારણ કે.

Was over=બંધ થઇ.

Were just going=તરતજ જતા હતા.

Do you not wish=શું તને ઇચ્છા થતી નથી.

You were rich=તમે પૈસાદાર થાઓ.

Fine (ફાઇન)=સુંદર.

They wait on me=તેઓ મારી તહેનાતમાં રહે છે.

Whatever (વૉટેવર)=જે કંઇ.

That is nothing=તે કંઇ હિસાબમાં નથી.
Obey (ઓબે)=તાબે થાય છે.
Orders (ઑારડર્સ)=હુકમો,
What a lie you are telling =કેવું જુઠું તું બોલે છે.
Truthful (ટ્રુથફુલ)=સાચો.
I thought you were truthful boy=મેં વિચાર કર્યો કે તું સાચો છોકરો હશે.
You have not even one= તારે એક પણ નથી.
Near (નીયર)=પાસે.
Knew (ન્યુ)=જાણતો હતો.
Kindly (કાઇન્ડલિ)=માયાળુપણાથી.
How is this=આ આમ કેમ છે?
Sum (સમ)=રકમ.
A large sum of money= પૈસાની મોટી રકમ.
Richer (રિચર)=વધારે પૈસાદાર.
Than (ધેન)=કરતાં.
Venkata's (વેંકટાઝ)=વેંકટના.
Boasting (બોસ્ટિંગ)=તડાકો મારતો, પતરાજી કરતો.
Are you only boasting=શું તમે માત્ર તડાકો મારો છો ?
Fun (ફન)=મશ્કરી.
Smiled (સ્માઇલ્ડ)=સ્મિત કર્યું.
I am telling the truth=હું સાચું કહું છું.
Now and then=વારંવાર, અવાર નવાર.
Disobey (ડિસઓબે)=આજ્ઞા ન માનવી, તાબે ન થવું.
Leave (લીવ)=છોડી દેવું.
Idle (આયડલ)=આળસુ.
Properly (પ્રૉપરલિ)=બરાબર.
Ready (રેડી)=તૈયાર.
Ready to obey me=મારે તાબે થવા તૈયાર છે.
Never even once=કદી એક પણ વખત નહિ.
This is all very fine talk =આ બધી રમુજી વાતો છે.
Two of them=તેમાંના બે.
Take me there=મને ત્યાં લઇ જા.
At once they obey=તેઓ એકદમ તાબે થાય છે.
Give me that=પેલું મને આપ.
Moment (મોમેન્ટ)=પળ.
Reach out (રીચ આઉટ)=પહોંચી જાય છે.
Hungry (હંગ્રિ)=ભૂખ્યો.
Shew (શો) બતાવે છે.

If I want to see anything =જો મારે કંઇ જોવાની ઇચ્છા થાય તો.

Smell (સ્મેલ)=સુગંધ લેવી.

To do a thing twice=વસ્તુ બીજી વખત કરવાને.

I never have to tell=મારે કદિ કહેવું પડતું નથી.

Was very pleased=ઘણો ખુશ થયો.

Best (બેસ્ટ)=ઉત્તમ.

So long as=જ્યાંસુધી ત્યાંસુધી.

Trust (ટ્રસ્ટ)=વિશ્વાસ કરવો.

Hired (હાયર્ડ)=ભાડે રાખેલા, ભાડુતી.

Get on=ચાલવું.

Do well=સારૂં કરવું.

૧. **દાસ** અને **વેંકટ** નામે બે છોકરાઓ એકજ સ્કુલમાં જતા હતા. **વેંકટ** એક પૈસાદાર માણસનો દીકરો હતો, તે એક મોટા ઘરમાં રહેતો હતો અને સોનાની કલાઇઓ પહેર્યા કરતો હતો. **દાસ** ગરીબ માણસનો દીકરો હતો. તે નાના ઘરમાં રહેતો હતો અને મા કે બહેન નહિ હોવાથી તેના બાપ માટે તે ખોરાક રાંધતો હતો.

૨. એક દિવસ નિશાળ બંધ થઇ અને તરતજ તેઓ બન્ને ઘેર જતા હતા, ત્યારે **વેંકટે દાસને** કહ્યું: " **દાસ** તું મારી માફક પૈસાદાર હોય એવી તને ઇચ્છા થતી નથી? હું એક સુંદર ઘરમાં રહું છું અને મારે ત્રણ નોકરો છે. તેઓ મારી બરદાસમાં રહે છે. હું તેમને જે કંઇ કહું છું, તે તેઓ મારા માટે કરે છે.

૩. **દાસે** કહ્યું, " તે કંઇ હિસાબમાં નથી. મારે દશ નોકરો છે, જેઓ મારી બરદાસમાં રહે છે અને મારા હુકમને તાબે થાય છે."

૪. **વેંકટે** કહ્યું, " તું એમ કહે છે કે તારે દશ નોકરો છે? તું કેવું જુઠું બોલે છે! મેં વિચાર્યું કે તું સાચો છોકરો હશે. દરેક જણ જાણે છે કે તારે એક પણ નોકર નથી."

૫. નિશાળના શિક્ષક પાસે ઉભા હતા. છોકરાઓએ જે કહ્યું તે તેમણે સાંભળ્યું. તે જાણતા હતા કે દાસ એક ભલો છોકરો હતો અને જુઠું બોલતો ન હતો. એટલે એમણે બે છોકરાઓને બોલાવ્યા અને માયાળુપણાથી કહ્યું,

" દાસ આમ કેમ છે ? શું તારા બાપને કોઇએ પૈસાની મોટી રકમ આપી છે અને શું હવે તે વેંકટના બાપ કરતાં વધારે પૈસાદાર થયો છે ? જો એમ ન હોય તો તું દશ નોકર કેવી રીતે રાખી શકે ? અથવા તો તું મશ્કરીમાં તડાકો જ મારે છે ? "

૬. દાસે સ્મિત કર્યું અને કહ્યું, " ના સાહેબ, હું સાચું કહું છું. મારે દશ નોકરો છે, જેઓ મારા હુકમને તાબે થાય છે. વેંકટના નોકરો તો વારંવાર તેની અવજ્ઞા કરતા હશે. તેમની મરજી પ્રમાણે તેઓ તેને ત્યજી જાય. તેઓ આળસુ હોય અને બરાબર તેનું કામ ન કરે. મારા નોકરો એવા નથી. તેઓ હંમેશાં મને તાબે થવા તૈયાર રહે છે. મારા નોકરોએ એક વખત મેં કહ્યું હોય ને ન કર્યું હોય એવું કદી બન્યું નથી.

૭. પછી શિક્ષકે કહ્યું, " આતો બધી રમુજી વાતો છે. પણ મહેરબાની કરીને મને તારા નોકરોનાં નામ કહે જોઇએ. " વેંકટે કહ્યું, " હા, નામ કહે જોઈએ. "

૮ દાસે કહ્યું, " મારે નોકરો દશ છે, તેમાંના બે મારા પગ છે, બે મારા હાથ છે, બે મારા કાન છે, અને બે આંખો છે. આમ આઠ થાય છે. પછી મારૂં નાક અને મોં રહ્યાં. "

૯. " જો મારે કોઇ જગ્યાએ જવું હોય તો હું મારા પગને કહું છું 'મને ત્યાં લઇજા'. એકદમ તેઓ મારી આજ્ઞા પાળે છે. જો મારે કંઇ જોઇતું હોય તો હું મારા હાથને કહું છું, 'પેલું મને આપ', અને મારા હાથ જરાપણ વખત ગૂમાવતા નથી. એક પળમાં તેઓ પહોંચી જાય છે અને મને જ... ... લાવી દે છે. જો હું ભૂખ્યો હોઉં તો મારા હાથ મારા મોંમાં ખોરાક મૂકે છે અને મારૂં મોં ખાય છે. જો મારે કંઈ જોવું હોય, તો મારી આંખો એકદમ મને બતાવે છે. જો મારે સુંઘવું હોય તો મારૂં નાક મારે માટે તે સુંઘે છે."

૧૦. આ દશ નોકરો હંમેશાં તૈયાર હોય છે. મારે તેમને એક વસ્તુ બે વખત કરવાને કદી કહેવું પડતું નથી. મારે તેમને જગાડીને કદી કહેવું પડતું નથી: " ઉઠો, આ કરો, પેલું કરો. વેંકટના નોકરો જે કંઇ કરી શકે, તે મારા નોકરો મારા માટે કરી શકે છે. "

૧૧. શિક્ષકે આ સાંભળ્યું ત્યારે તે ઘણો ખુશ થયો. તેણે કહ્યું, "શાબાશ ! જગતમાં ઉત્તમ નોકરો તારે છે. જ્યાંસુધી તું તેમનો વિશ્વાસ કરે અને ભાડુતી નોકરોનો ન કરે ત્યાંસુધી તું જગતમાં આગળ વધીશ અને મારા દીકરા સારૂં કરીશ.

Grammar.

Marks of Interrogation (માર્ક્સ ઑફ ઇન્ટરરોગેશન)=પ્રશ્નાર્થ ચિહ્ન.

Interrogation (ઇન્ટરરોગેશન) પ્રશ્નાર્થ.

End (એન્ડ)=છેડો.

Every question must end with this mark=દરેક પ્રશ્નને અંતે આ ચિહ્ન મૂકવું જોઇએ.

Question mark (ક્વેશ્ચન માર્ક)= પ્રશ્નાર્થ ચિન્હ.

More than one=એક કરતાં વધારો.

Pronouns (પ્રોનાઉન્સ)=સર્વનામ.

16. Belling the Cat=બિલાડીને ઘંટડી બાંધવી.

Belling (બેલિંગ)=ઘંટડી બાંધવી તે.

Some (સમ)=કેટલાક.

Merry (મેરિ)=આનંદી,

Mice (માઇસ)=ઉંદરો.

Went running out to play =રમવાને દોડતા ગયા.

Cruel (ક્રુઅલ)=ઘાતકી.

Was lying (વૉઝ લાઇંગ)=પડી હતી.

They went out-many=તેઓ ઘણા બહાર જતા હતા.

They came back few=તેઓ થોડા પાછા આવ્યા.

They met (ધે મેટ)=તેઓ મળ્યા.

To see (ટુ સી)=જોવાને, વિચારવાને.

If anything they could do=તેઓ જો કંઇ કરી શકે તો.

Catches (કૅચિઝ)=પકડે છે.

Sad (સૅડ)=ખેદજનક, દિલગીરી ભરેલું.

Fate (ફેઇટ)=નસીબ.

Ever (એવર)=સદાય.

Early and late=વહેલી અને મોડી.

Softly (સૉફ્ટલિ)=ધીમેથી, અવાજ કીધા સિવાય.

Makes not a sound=અવાજ સરખોય કરતી નથી.

Sound (સાઉન્ડ)=અવાજ.

Creeps (ક્રીપ્સ)=પેટે ઘસાઇને આવે છે.

Nearer (નીયરર)=વધારે પાસે.

What can we think of=આપણે શો વિચાર કરી શકીએ,

Alarm (ઍલાર્મ)=ભયની નિશાની.

To warn (ટુ વૉર્ન)=ચેતવણી આપવી.

She's coming (શીઝ કમિંગ)=તે આવે છે.

Save (સેવ)=બચાવવા.

Harm (હાર્મ)=નુકશાન.

One said this another that =એક આમ બોલ્યો, બીજો તેમ બોલ્યો.

To find (ટુ ફાઇન્ડ)=શોધી કહાડવા.

Some way (સમ વે)=કંઇક રસ્તો.

To stop (ટુ સ્ટૉપ)=અટકાવવા.

Tiny face (ટાઇનિ ફેઇશ)=નાનો ચહેરો.

I've thought of=મેં વિચાર કર્યો છે.

To suit the case (ટુ સ્યુઇટ ધી કેઇસ)=મુદ્દાને બંધ બેસ્તો બનાવવા.

Case (કેઇસ)=મુદ્દા, બનાવ.

To suit (ટુ સ્યુટ)=બંધબેસ્તું કરવું.

We should tie (વી શુડ ટાઇ) =આપણે બાંધવું જોઇએ.

Round the neck (રાઉન્ડ ધી નેક) =ગળાની ચારે બાજુ.

Movements (મુવમેન્ટસ)=હીલચાલો.

To tell (ટુ ટેલ)=કહેવાને.

Will ring (ઉવિલ રિંગ)=વાગશે.

Stirs (સ્ટર્સ)=હાલે છે.

Most (મોસ્ટ)=ઘણોજ.

Plainly (પ્લેઇનલિ)=ચોકખી રીતે. ખુલ્લી રીતે.

She's coming=તે આવે છે.

Get out of the way=રસ્તા-માંથી જતા રહો.

Quick (કવીક)=ચપળ.

Need (નીડ)=જોઇએ.

Longer (લૉન્ગર)=વધારે વાર.

In fear (ઇન ફીયર)=બીકમાં.

Happy (હૅપિ)=સુખી.

Glad (ગ્લૅડ)=ખુશી.

Free (ફ્રી)=સ્વતંત્ર, મુક્ત.

All our days=આપણા બધાય દિવસો.

Will pass (ઉવિલ પાસ)=પસાર થશે.

Merrily (મેરિલિ)=આનંદથી.

Agreed (ઍગ્રીડ)=કબુલ રાખ્યું.
Every one=દરેક જણ.
Surely (સ્યૉરલિ)=ખાત્રીબંધ, બેશક.
Very best (વેરિ બેસ્ટ)=અતિ ઉત્તમ.
Wise (વાઇઝ)=ડાહ્યો.
Stood up (સ્ટુડ અપ)=ઉભો થયો.
Place (પ્લેઇસ)=જગ્યા.
Slowly (સ્લોલિ)=ધીમેથી.
Grave (ગ્રેવ)=ગંભીર.
Face (ફેસ)=મુખમુદ્રા.
Plan (પ્લૅન)=યુક્તિ.
Quite (ક્વાઇટ)=બરાબર.
Will offer (ઉવિલ ઑફર)=વ્હોરી લેશે, માથે લેશે.
Offer (ઑાફર)=વ્હોરી લેવું, માથે ઉપાડી લેવું.
To bell (ટુબેલ)=ઘંટડી બાંધવાને.
One looked at another=એક બીજા સામું જોયું.
Nobody (નૉબડી)=કોઇજણ.
Stirred (સ્ટર્ડ)=હાલ્યો.
Silence (સાયલન્સ)=શાંતિ.
Dreadful (ડ્રેડફુલ)=ભયાનક.
No one spoke a word=એક શબ્દ સરખોય કોઇ બોલ્યું નહિ.
What no one can do=જે કોઇ પણ કરી શકે નહિ.
Silly (સિલિ)=મૂર્ખાઇ ભરેલું.
To speak (ટુસ્પીક)=બોલવું.
Don't you (ડોન્ચ્યુ)=ખરૂંને.

૧. કેટલાક આનંદી નાના ઉંદરો રમવાને દોડયા જતા હતા, પણ એક ઘાતકી બિલાડી રસ્તામાં પડી રહેતી હતી. તેઓ ઘણા બહાર જતા, તેઓ થોડા પાછા આવતા. કંઇક કરી શકીએ કે નહિ એ વિચારવા તેઓ એક મળ્યા.

૨. " તે પકડે છે અને આપણને ખાઇ જાય છે—ખેદજનક કમનસીબ છે! વહેલી અને મોડી તે આપણી પાછળ પડેલી છે. તે એટલી ધીરેથી આવે છે કે આપણે કદી તેને સાંભળી શકીએ નહિ. તે જરા પણ અવાજ કરતી નથી; પણ પેટે ઘસડાઇ વધારે ને વધારે પાસે આવે છે. ભયની નિશાની આપવા, તે આવે છે તેની ચેતવણી આપવા અને નુકશાનમાંથી આપણને બચાવવા આપણે શો વિચાર કરી શકીએ ? "

૩. બિલાડીને અટકાવવાને કોઇ રસ્તો શોધવા એક ઉંદર આમ બોલ્યો, બીજો તેમ બોલ્યો. આખરે એક જુવાન નાની મુખમુદ્રાવાળો ઉંદર બોલ્યો, "આ મુદ્દાને બંધબેસતો કંઇક મેં વિચાર કર્યો છે. હું ધારૂં છું કે આપણે

એક નાની ચળકતી ઘંટડી બિલાડીને ગળે તેની હિલચાલ કહેવા બાંધવી જોઇએ. એ જ્યારે જ્યારે હાલશે ત્યારે ચોક્ખી રીતે તે વાગશે અને કહેશે કે, "બિલાડી આવે છે, બિલાડી આવે છે, રસ્તામાંથી ભાગી જાઓ !"

૪. "આપણે ઉંદરો સાંભળવામાં ચપળ છીએ. પછી આપણે ભયમાં રહેવાની જરૂર નથી; આપણે સુખી, આનંદી અને સ્વતંત્ર થઇશું ! આપણા બધા દિવસો આનંદમાં પસાર થશે !"

૫. "શાબાશ ! શાબાશ !" ઉંદરોએ કહ્યું. તેઓ દરેક જણ કબુલ થયા. ખાત્રીબંધ એજ અત્યુત્તમ કરવા લાયક વસ્તુ છે.

૬. પછી એક ડાહ્યો ને વૃદ્ધ ઉંદરડો તેની જગ્યાએ ઉભો થયો, અને ધીમેથી ગંભીર મુખમુદ્રાથી બોલ્યો. "યુક્તિ તો સારી છે, અને તે હું બરાબર ધારૂં છું–પણ બિલાડીને ઘંટડી બાંધવાનું કોણ વહોરી લે છે ?"

૭. એક બીજા સામું જોવા લાગ્યા–કોઇપણ હાલ્યું નહિ. ભયંકર શાંતિ હતી–કોઇ પણ એક શબ્દ બોલ્યું નહિ. ઘરડા ઉંદરે કહ્યું, "હું ધારૂં છું કે જે કોઇ કરી શકે નહિ એ કહેવું મૂર્ખાઇ ભરેલું છે. કેમ ખરૂં ને ?"

Grammar.

Questions and statements (કવેશ્ચન્સ ઍન્ડ સ્ટેટમેન્ટસ)= પ્રશ્ન અને ન

State (સ્ટેટ)=કથવું, નિવેદન કરવું.

String (સ્ટ્રિંગ)=દોરી.

The rest (ધી રેસ્ટ)=બાકીના.

17. The Boy and the Judge=છોકરો અને ન્યાયાધીશ.

ge (જજ)=ન્યાયાધીશ.

Ramoo (રામુ)=છોકરાનું નામ.

Eight years old=આઠ વર્ષની ઉંમરનો.

Could talk (કુડ ટૉક)=વાત કરી શકતો.

English (ઇંગ્લિશ)=અંગ્રેજી ભાષા.

Very well(વેરિ વેલ)=ઘણી સારી રીતે.

Clerk (ક્લાર્ક)=કારકુન.

Under (અન્ડર)=નીચે.

English judge (ઇંગ્લિશ જજ) =અંગ્રેજી ન્યાયાધીશ.

To see (ટુ સી)=મળવાને.
Now and then=અવાર નવાર, વારંવાર.
Took (ટુક)=લીધો.
Spoke (સ્પોક)=બોલ્યો.
Kindly (કાઇન્ડલી)=મમતાથી.
Felt happy (ફેલ્ટ હૅપિ)=આનંદ થયો.
Will be (ઉવિલ બી)=થશે.
Replied (રીપ્લાઇડ)=જવાબ આપ્યો.
Tomorrow (ટુમૅારો)=આવતી કાલે.
Birthday (બર્થડે)=જન્મ દિવસ.
Let him come and see to-morrow=કાલે તમે એને મને મળવા આવવા દેજો.
Send him then=ત્યારે તેને મોકલજો.
Asked the father (આસ્કડ ધી ફાધર)=બાપે પુછ્યું.
Let him come alone=તેને એકલાને આવવા દેજો.
Next day=બીજે દિવસે.
Very early=ઘણો વહેલો.
Dressed (ડ્રેસ્ડ)=લુગડાં પહેર્યાં.
Carefully (કેરફુલિ)=સંભાળથી.
Put on (પુટ ઑાન)=પહેર્યું.
Clean (ક્લીન)=સ્વચ્છ.
white (ઉવાઇટ)=સફેદ.
Shirt (શર્ટ)=પહેરણ.
Jacket (જેકેટ)=જાકીટ.
Set off (સેટ ઑાફ)=નીકળી પડયો.
Got there (ગૅાટ ધેર)=પહોંચ્યો.
Stood out side=બહાર ઉભો રહ્યો.
Gate (ગેઇટ)=દરવાજો.
Waited (વેઇટેડ)=રાહ જોઇ.
He had (હી હૅડ)=તેની પાસે હતી.
Walking stick (ઉવોકિંગ સ્ટિક)=ફરવા જવા માટેની લાકડી, સોટી.
Stic (સ્ટિક)=સોટી.
Saw (સૅા)=જોયો.
Stood still (સ્ટૂડ સ્ટિલ)=શાંત ઉભો રહ્યો.
Smiled (સ્માઇલ્ડ)=સ્મિત કર્યું.
Good-bye (ગુડ બાય)=સવારની સલામ.
Good morning (ગુડ મૅારનિંગ)=સવારની સલામ.
Before (બીફોર)=પહેલાં.
Are you going away=તમે ચાલ્યા જાઓ છો ?
Why do you say=તમે કેમ કહો છો ?
You too said=તમે વળી કહ્યું.
I ought to say=મારે કહેવું જોઇએ.
We only say=આપણે ફક્ત કહીએ છીએ.

You ought not to say=તમારે કહેવું જોઇએ નહિ.
When you meet=જ્યારે તમે મળો.
What does mean (હ્વૉટ ડઝ મીન) શો અર્થ થાય છે?
Mean (મીન)=અર્થ થવો.
Short way (શોર્ટ વે)=ટુંકી રીત.
Saying (સેઇંગ)=કહેવાની.
May God be with you=પ્રભુ તમારી સાથે રહો.
What I ought to have said =મારે શું કહેવું જોઇતું હતું.
If I should come to see you=જો હું તમને જોવાને આવું તો.
At twelve o'clock=બાર વાગે.
About (એબાઉટ)=આશરે.
Good day (ગુડ ડે)=દિવસની સલામ.
After noon (આફ્ટર નુન)=બપોર પછીની.
Good after noon (ગુડ આફ્ટર નુન)=બપોર પછીની સલામ.
Only when=ફક્ત જયારે.
Both (બોથ)=બન્ને.
Good night (ગુડ નાઇટ)=રાતની સલામ.
Go to bed=સૂઈ જાઓ, સુઇ જવું.
Who may be=જે કોઇ.

Staying (સ્ટેઇંગ)=રહેવો.
Whom (હુમ)=જેને.
I know very well=હું (જેને) સારી રીતે ઓળખતો હોઉં.
How are you=કેમ છે?
How do you do=શું કરો છો? કેમ કરો છો?
Here is a book for you=તમ મારે એક ચોપડી આ રહી.
Present (પ્રેઝન્ટ)=ભેટ.
Birthday present (બર્થ ડે પ્રેઝન્ટ)=જન્મ દિવસની ભેટ.
Wish (વિશ)=ઇચ્છા કરવી.
Returns (રીટર્ન્સ)=પાછું ફરવું તે, પુનરાગમન.
I wish you many happy returns of the day=એવા બીજા ઘણા જન્મ દિવસો પાછા આવે એમ હું ઇચ્છું છું.
It is very kind of you= તમારી ઘણી મહેરબાની.
That is right=તે બરાબર છે.
Right (રાઇટ)=બરાબર.
Understand (અન્ડરસ્ટૅન્ડ)= સમજ પડવી.
Cannot quite understand= બરાબર સમજ પડી શકે નહિ.

Ask your father=તમારા બાપને કહેજો.
To help you=તમને મદદ કરવાને.
Full of=થી ભરેલી.
Stories (સ્ટોરિઝ)=વાતો.
By all means (બાય ઑાલ મીન્સ)=બધી રીતે, બેશક.
Means (મીન્સ)=રીત, સાધન.
Ramoo do=રામુ કરે.
May you live for many years=તમે લાંબો વખત સુધી જીવો.
Return (રીટર્ન)=પાછા આવવું.
Many times (મૅનિ ટાઇમ્સ) ઘણા વખત.
May you be happy every time=દરેક વખતે તમે સુખી રહો.

૧. રામુ આઠ વર્ષનો નાનો છોકરો હતો. તે અંગ્રેજીમાં સારી રીતે વાતચીત કરી શકતો હતો. એનો બાપ એક અંગ્રેજ ન્યાયાધીશ નીચે કારકુન હતો. તે જજને વારંવાર મળવા જતો. એક સાંજે તે રામુને સાથે લેતો ગયો. ન્યાયાધીશ ઘણી મમતાથી બોલ્યો અને રામુને આનંદ થયો.

૨. "તમારો દીકરો કેટલી ઉંમરનો છે?" રામુના પિતાને ન્યાયાધીશે પ્રશ્ન કર્યો. તેણે જવાબ આપ્યો, "સાહેબ, રામુ આવતી કાલે આઠ વર્ષનો થશે." ન્યાયાધીશે કહ્યું, "આહા! ત્યારે આવતી કાલે તેનો જન્મ દિવસ થશે. કાલે મને મળવાને તેને આવવા દેજો. હું સવારમાં છ વાગે ફરવાને જાઉં છું ત્યારે તેને મોકલજો." બાપે પૂછ્યું, "હું સાથે આવું?" ન્યાયાધીશે કહ્યું, "ના, એને એકલાને આવવા દેજો."

૩. બીજે દિવસે રામુ ઘણો વહેલો ઉઠયો, અને સંભાળપૂર્વક વસ્ત્રો પહેર્યાં. તેણે ધોળું સ્વચ્છ પહેરણ અને સાફ જાકીટ અને નવી ટોપી પહેરી. પછી ન્યાયાધીશને ઘેર જવા નીકળ્યો. જ્યારે તે ત્યાં પહોંચ્યો ત્યારે તે દરવાજા બહાર ઉભો રહ્યો ને રાહ જોઇ રહ્યો. છ વાગે ન્યાયાધીશ ફરવા જવા માટે બહાર આવ્યો. તેની પાસે તેના એક હાથમાં ચોપડી અને બીજામાં ફરવા જવા માટેની સોટી હતી. જ્યારે તેણે **રામુને** જોયો ત્યારે તે ચુપચુપ ઉભો અને હાસ્ય કર્યું.

રામુ—જતી વખતની સલામ, સાહેબ.

ન્યાયાધીશ—સવારની સલામ રામુ! હું તારી સાથે વાત કરૂં તે પહેલાં તું ચાલ્યો જાય છે?

રામુ—અરે ના! હું તમને મળવાને આવ્યો હતો.

ન્યાયાધીશ—ત્યારે તું જતી વખતની સલામ કેમ કહે છે?

રામુ—ગઇ કાલે જ્યારે અમે ચાલ્યા ગયા ત્યારે બાપાએ તમને જતી વખતની સલામ કહી, અને તમે વળી જતી વખતની સલામ કહી. તેથી મે વિચાર્યું કે મારે પણ તમને મળવું ત્યારે જતી વખતની સલામ કહેવી.

ન્યાયાધીશ—ના, ના, મારા દીકરા. આપણે જતી વખતની સલામ ફક્ત જ્યારે આપણે જતા હોઇએ ત્યારેજ કહીએ છીએ. જ્યારે તમે કોઇને મળો ત્યારે તમારે જતી વખતની સલામ કહેવી જોઇએ નહિ.

રામુ—જતી વખતની સલામનો શો અર્થ થતો હશે સાહેબ?

ન્યાયાધીશ—"પરમેશ્વર તમારી સાથે રહો" એ જતી વખતની સલામનો અર્થછે.

રામુ—ત્યારે સાહેબ, જ્યારે તમને હું મળ્યો ત્યારે મારે તમને શું કહેવું જોઇતું હતું તે મને મહેરબાની કરીને કહેશો?

ન્યાયાધીશ—તમારે "સવારની સલામ સાહેબ", એમ કહેવું જોઇતું હતું

રામુ—અને જો હું તમને બાર વાગે મળવા આવું તો સાહેબ, ત્યારે મારે શું કહેવું જોઇએ?

ન્યાયાધીશ—જો તમે દિવસના દશ કે બે વાગ્યાની વચ્ચેન ગમે તે વખતે આવો તો તમારે દિવસની સલામ કહેવી જોઇએ. જો બપોર પછી હોય તો તમારે બપોર પછીની સલામ કહેવી જોઇએ.

રામુ—ફક્ત જ્યારે હું તમને મળવા આવું ત્યારેજ "સવારની સલામ સાહેબ" મારે કહેવી જોઇએ અને જ્યારે પાછો જાઉં ત્યારે નહિ?

ન્યાયાધીશ—અરે, નહિ! તમે જ્યારે આવો ને જાઓ, બન્ને વખત "સવાર ની સલામ સાહેબ" કહો. અથવા "જતી વખતની સલામ સાહેબ",

જ્યારે તમે જાઓ ત્યારે. પણ તમારે કદી "જતી વખતની સલામ" તમે કોઇને મળો ત્યારે કહેવી જોઇએ નહિ.

રામુ—સાહેબ, રાતે મારે શું કહેવું જોઇએ?

ન્યાયાધીશ—જ્યારે તમે જતા હો ત્યારે "રાતની સલામ સાહેબ," અથવા "જતી વખતની સલામ સાહેબ," એમ કહો. અને જ્યારે રાતે તમે સૂઇ જાઓ ત્યારે તમારાં બાપ, મા, બહેન, ભાઇ અને જે કોઇ તમારા ઘરમાં રહેતું હોય તેને "રાતની સલામ" કહેવી જોઇએ.

રામુ—મહેરબાની કરીને સાહેબ મને કહો કે, જ્યારે હું સારી પિછાનવાળા મિત્રને મળું ત્યારે મારે શું કહેવું જોઇએ?

ન્યાયાધીશ—"સવારની સલામ" અથવા "દિવસની સલામ" અથવા "સાંજની સલામ" અથવા તો તમે "કેમ છો" અથવા "શું કરો છો?" એમ કહો.

પણ આતો તારો જન્મદિવસ છે ખરોને રામુ! જો આ રહી તારે માટે એક ચોપડી. હું તને તારા જન્મદિવસની ભેટ તરીકે આપું છું. અને હું ઇચ્છું છું કે બીજા ઘણા ખુશાલી ભરેલા જન્મદિવસો પાછા આવો.

રામુ—તમારો આભારી છું સાહેબ. તમે મને આ સુંદર ચોપડી આપવામાં ઘણા માયાળુ થયા છો. તેને વાંચવાનો હું યત્ન કરીશ.

ન્યાયાધીશ—રામુ તે બરાબર છે. જો તું તેને બરાબર સમજી શકે નહિ તો તારા બાપાને મદદ કરવા કહેજે. એ ચોપડી વાતોથી ભરેલી છે.

રામુ—સાહેબ, મહેરબાની કરીને હું તમને એક વધારે પ્રશ્ન પૂછું?

ન્યાયાધીશ—બેલાશક રામુ પૂછ.

રામુ—સાહેબ "ખુશાલી ભરેલા બીજા ઘણા જન્મ દિવસો પાછા આવો" એનો અર્થ શો?

ન્યાયાધીશ—રામુ, એતો આપણે મિત્રના જન્મદિવસે કહીએ છીએ એ છે. એનો અર્થ એ છે કે "તમે દીર્ઘાયુ થાઓ." "આ જન્મદિવસ ઘણા વખત પુનરાવર્તન પામો." "તમે સદાકાળ સુખી થાઓ." હવે મારે ફરવા માટે જવું જોઇએ. એટલે હવે તું ઘેર પાછો જા.

રામુ—સાહેબ. આપનો આભારી છું, "જતી વખતની સલામ સાહેબ."

Grammar

Italics (ઇટાલિક્સ)=ઈટાલીમાં વપરાતી લીપીમાં.
Great care (ગ્રેટ કેર)=ઘણી સંભાળથી.
Italy (ઇટલિ)=દેશનું નામ.
Slope (સ્લોપ)=વાંકા, વળેલા.
A little (એ લિટલ)=જરા.
Busy (બીઝી)=ઉદ્યોગી.
Wrote (રોટ)=લખ્યું.

---

18. The Clever Crow=હોશીઆર કાગડો.

Clever (ક્લેવર)=હોશીઆર.
Crow (ક્રો) કાગડો.
Very hot day=ગરમીનો દિવસ, ઉનાળાનો દિવસ.
Young (યંગ) જુવાન.
Could not find (કુડ નૅાટ ફાઇન્ડ)=મેળવી શક્યો નહિ.
Any water (ઍની વૅાટર)=જરા પાણી.
To drink (ટુ ડ્રિન્ક)=પીવાને.
Where to go=ક્યાં જવું.
Did not know=જાણતો ન હતો.
Sat (સૅટ)=બેઠો.
Still (સ્ટિલ)=શાંત.
Began to think (બિગૅન ટુ થિંક) =વિચારવા લાગ્યો.
Flew about (ફ્લ્યુ એબાઉટ)=આમ તેમ ઉડી.
From tree to tree=એક ઝાડથી બીજે ઝાડ.
Drop (ડ્રૅાપ)=ટીંપું.
Anywhere (ઍનીવેર)=કોઇ જગ્યાએ.
Pot (પૅાટ)=ઘડો, ભોટવો.
I'v found (આઇવ ફાઉન્ડ)=મને જડયું છે, મને મળી આવ્યું છે.
Found (ફાઉન્ડ)=મળીઆવ્યું, જડયું.
Bottom (બૅાટમ)=તળીયું.
Bright and clear=ચળકતું અને ચોકખું.
I'll get (આઇલ ગેટ)=મને મળશે.
Never fear (નેવર ફીયર)= બ્હીશ નહિ, બ્હીવાનું કારણ નથી.
Hops off (હૅાપ્સ ઑાફ)=કુદકો મારે છે.
Branch (બ્રાન્ચ)=ડાળી.
Flies (ફ્લાઇઝ)=ઉડે છે.
To quench (ટુ કવેન્ચ)=છીપાવવાને, મટાડવાને.

Thirst (થર્સ્ટ)=તરસ.
At once (ઍટવન્સ)=એકદમ.
Alas (ઍલાસ)=અફ્સોસ.
Low (લો)=નીચું.
Too Low (ટૂ લો)=ઘણું નીચું. (જોઇએ તે કરતાં પણ).
'Tis all in vain (ટિઝ ઑલ ઇન વેઇન)=બધું વ્યર્થ છે.
In vain (ઇન વેઇન)=વ્યર્થ.
To strench (ટુ સ્ટ્રેન્ચ)=શરીર લાંબું કરવું.
Strain (સ્ટ્રેઇન)=મહેનત પડવી.
To strench and strain (ટુ ટ્રૅન્ચ ઍન્ડ સ્ટ્રેઇન)=મહેનત કરીને શરીર લાંબુ કરવું.
Reach (રીચ)=પહોંચવું.
So=એવી રીતે.
I'll turn it over (આઇલ ટર્ન ઇટ ઓવર)=હું તેને ઉંધું પાડીશ.
Turn over (ટર્ન ઓવર)=ઉથલ-પાથલ કરવું, ઉંધું પાડવું.
Pushed (પુશ્ડ)=ડડસેલ્લું.
Strength (સ્ટ્રૅન્થ)=બળ.
To push it down=નીચે હડસેલી પાડવા.
In vain she tried=તેણે વ્યર્થ પ્રયત્ન કર્યો.

Gave it up (ગેવ ઇટ અપ)=છોડી દીધું.
Atlength (ઍટલેન્થ)=આખરે, ઘણી વારે.
It cannot be=એમ બનશે નહિ.
Vessel's (વેસલ્સ)=વાસણનું.
Weight (વેઇટ)=વજન.
Is far too great=ઘણું જ વધારે છે.
I will.........trying=હું પ્રયત્ન ચાલુ રાખીશ નહિ.
And yet (ઍન્ડ યટ)=અને હજુ.
Of thirst (ઑફ થર્સ્ટ)=તરસની મારી.
I'm dying (આઇમ ડાઇંગ)=હું મરી જાઉં છું.
A thought (એ થૉટ)=વિચાર.
Entered (ઍન્ટર્ડ)=દાખલ થયો.
Her little black head=તેના નાના કાળા માથામાં.
Cawed (કાઉડ)=કાક કાક કર્યું.
Aloud (ઍલાઉડ)=ઉચેથી, ઉંચા અવાજથી.
Joy (જૉય)=આનંદ.
In her joy (ઇન હર જોય)=તેના આનંદમાં.
Get down (ગેટ ડાઉન)=નીચે જવું.

I'll soon make (આઇલ સૂન મેક)=હું જલ્દી કરીશ.

Come up=ઉપર આવવાને.

Fetching (ફેચિંગ)=ખેંચી લાવીને.

Pebbles (પેબલ્સ)=કાંકરા.

Bill (બિલ) =ચાંચ.

So wise (સો વાઇઝ)=એવો ડાહ્યો.

Drops (ડ્રૉપ્સ)=નાખે છે.

Till she sees the water rise= પાણીને તે ઉપર ચઢતું જુએ છે ત્યાંસુધી.

Just (જસ્ટ)=બરાબર.

Stones (સ્ટોન્સ)=પથરા.

Is brimming over (ઇઝ, બ્રિમ્મિંગ ઓવર)=છલકાય છે, કોર સુધી ઉપર ચઢે છે.

Drinks away (ડ્રિન્કસ અવે)= પી જાય છે.

Thus (ધસ)=આમ.

Skill (સ્કિલ)=બુદ્ધિ, ચતુરાઇ.

Avails (અવેઇલ્સ)=ફાયદો કરે છે.

Mere (મીઅર)=ફક્ત.

Strength (સ્ટ્રેન્થ)=બળ.

Fails (ફેઇલ્સ)=નિષ્ફળ જાય છે.

Patience (પેશન્સ) ધીરજ, ધૈર્ય.

Wins (વિન્સ)=જીતે છે.

And patience wins the day= અને ધીરજ ફત્તેહનો ડંકો વગાડે છે.

---

૧. ઉનાળાના એક દિવસે એક કાગડીને પીવાને પાણી મળી શક્યું નહિ. જુવાન કાગડીને ક્યાં જવું એ ખબર પડી નહિ. તે નિરાંતે બેઠી અને વિચાર કરવા લાગી.

૨. પછી તે એક ઝાડેથી બીજે ઝાડે ઉડી. એક બાગમાં આવી ત્યાં-સુધી એક પણ ટીંપું તેના જોવામાં આવી શક્યું નહિ. ત્યાં જમીન ઉપર એક વાસણ પડયું હતું. અહા! તેણે વિચાર કર્યો, "હવે મને પાણી મળી આવ્યું છે."

૩. તળીએ ચોકખું અને ચળકતું પાણી હતું. તેણે વિચાર કર્યો: "કંઇ બ્હીક નથી. મને તે પાણી મળશે! એટલે તે ડાળી ઉપરથી કુદકો મારે છે અને નીચે ઉડી આવે છે અને તરસ છીપાવવાને તે એકદમ યત્ન કરે છે.

૪. અફસોસ પાણી ઘણું જ નીચું છે. શરીર તાણી પહોંચવા મહેનત કરવી બધી વ્યર્થ છે. એમ તે પાણીને પહોંચી શકી નહિ.

૫. "હું તેને ઉંધું વાળીશ." પછી તેણે બુમ મારી અને તેના બધા જોરથી તેણે હડસેલ્યું, પણ નીચે હડસેલી પાડવાના તેના યત્નો વ્યર્થ ગયા. પછી આખરે તેણે તે છોડી દીધું.

૬. તેણે કહ્યું, "મને માલમ પડે છે કે તે નહિ બને. વાસણનું વજન ઘણું જ વધારે છે. હું પ્રયત્ન ચાલુ રાખીશ નહિ, અને છતાં હું તરસની મારી તો મરી જાઉં છું.

૭. આખરે તેના નાના કાળા માથામાં એક વિચાર આવ્યો. તેણે આનંદમાં મોટેથી કાક કાક એમ કહી કહ્યું, "હું પાણી સુધી જઇ શકું એમ નથી; પણ પાણીને મારી પાસે ઉપર આવતું જલ્દીથી કરીશ."

૮. તેથી તેની ચાંચમાં કાંકરાઓ લાવી. આટલી ડાહી નાની કાગડી પાણી ચઢતું દેખે છે ત્યાંસુધી તેમને પાણીમાં નાખે છે.

૯. છ પથરા બરાબર વધારે, અને તે છલકાય છે, અને હવે તે પી જાય છે. આમ ચતુરાઇ લાભ કરે છે. જ્યાં ફકત બળ નકામું જાય છે ત્યાં ધીરજ વિજયનો ડંકો વગાડે છે.

Grammar.

Fullstops (ફુલ સ્ટૉપ્સ)=પૂર્ણ વિરામો.
Camma (કામા)=અલ્પ વિરામ.
At the end=છેડે.
Stops (સ્ટૉપ્સ)=અટકે છે.
Meaning (મીનિંગ)=અર્થ.
Clear (ક્લીયર)=ચોકખા.

---

19 Against Bad Language.=ખરાબ ભાષા સામે.

Against (અગેન્સ્ટ)=સામે, વિરૂદ્ધ.
Bad (બૅડ)=ખરાબ.
Language (લેન્ગ્વેજ)=ભાષા.
Used to go (યુઝડ ટુ ગો)= જતો હતો.
He was eight years old=તે આઠ વર્ષનો હતો.
The only son=ફકત એક જ છોકરો.
Parents (પેરેન્ટસ)=માબાપ.
Loved (લવ્ડ)=ચાહતાં હતાં.

Very much=ઘણો જ.

Teacher (ટીચર)=શિક્ષક.

Sent word (સેન્ટ વર્ડ)=ખબર કહાવી.

Behaved (બીહેવ્ડ)=વર્ત્યો, વર્તણુક રાખી.

Had behaved (હૅડ બીહેવ્ડ)= વર્ત્યો હતો.

Badly (બૅડલિ)=ખરાબ રીતે.

Next Morning (નેક્સ્ટ મોરનિંગ) =બીજી સવારે.

After he had eaten=તેના ખાધા પછી.

Breakfast (બ્રેકફાસ્ટ)=નાસ્તો.

As he=જેવો તે.

Called out=બોલાવ્યો.

Wait a minute=એક મિનિટ સબુર કર.

I have something to say= મારે કંઇક કહેવાનું છે.

Heard (હર્ડ)=સાંભળ્યું.

Stood close by=પાસે ઉભી રહી.

Door-step (ડાર-સ્ટેપ)=બારણાનું પગથીયું, ઉમરો.

To listen (ટુ લિસન)=સાંભળવાને.

Your teacher tells me=તમારો શિક્ષક મને કહેવરાવે છે.

You behaved badly yesterday=ગઈ કાલે તું ખરાબ રીતે વર્ત્યો હતો.

I am verry sory to hear this =આ સાંભળતાં મને ઘણો ખેદ ઉપજે છે.

What did you do=તેં શું કર્યું હતું.

Replied (રીપ્લાઇડ)=જવાબ આપ્યો.

I did Nothing wrong=મેં કંઇ ખોટું કર્યું ન હતું.

Dropped (ડ્રૉપ્ડ)=પાડી નાખી.

Floor (ફ્લોર)=ફરસબંધી.

Abused (અૅબ્યુઝડ)=ગાળ દીધી.

In return (ઇન રીટર્ન)=ને બદલે, સામે.

Noise (નૉઇઝ)=અવાજ.

He made a noise=તેણે શોર-બકોર કીધો.

Called me bad names=મને અપશબ્દો કહ્યા.

I too did the same=મેં પણ તેવુંજ કીધું.

Got angry (ગૉટ ઍન્ગ્રિ)=ક્રોધે ભરાયો.

Did wrong (ડિડ રૉંગ)=ખોટું કીધું.

Quite right (કવાઇટ રાઇટ)=તદ્દન ખરો.

Abuse (ઍબ્યુઝ)=ગાળ દેવી.
Should never come out=
કદી આવવી જોઇએ નહિ.
Bad words=અપશબ્દો.
Good boy's mouth (ગુડ બૉઇઝ
માઉથ)=સારા છોકરાના મોંમાંથી.
Dirt (ડર્ટ)=ધૂળ, કચરો.
Bad words are like dirt=
અપશબ્દો કચરા જેવા છે.
Defile (ડીફાઇલ)=કલંક લગાડવું,
ભ્રષ્ટ કરવું.
They defile you=તેઓ તને ભ્રષ્ટ
કરે છે.

Never use=કદિ વાપરતો નહિ.
Bad boys=ખરાબ છોકરા.
Your father use bad words
=તમારા બાપને ખરાબ શબ્દો
વાપરતા.
Mind (માઇન્ડ)=ધ્યાન આપ.
Do as he says=તે જે કહે છે
તે કર.
kept (કેપ્ટ)=પાળ્યું.
Promise (પ્રોમિસ)=વચન.
He kept his promise=તેણે તેનું
વચન પાળ્યું.

૧. **રામ** નામે એક નાનો છોકરો હંમેશાં નિશાળે જતો હતો. તે આઠ વર્ષનો હતો અને તેના માબાપનો એકનો એક છોકરો હતો, જે તેને ઘણું ચાહતાં હતાં. એક દિવસે તેના શિક્ષકે તેના બાપને ખબર કહાવી કે તે નિશાળમાં ઘણી ખરાબ રીતે વર્ત્યો હતો.

૨. બીજે સવારે તેણે નાસ્તો લીધો. પછી જેવો તે બરોબર નિશાળે તેની ચોપડીઓ તેના હાથમાં રાખીને જતો હતો, તેવો તેના બાપે તેને બોલાવ્યો, "રામ એક મિનિટ સબુર કર. મારે તને કંઇક કહેવું છે."

૩. જ્યારે તેની માએ આ સાંભળ્યું ત્યારે તે આવી ને ઉંમરા ઉપર જે કહેવામાં આવ્યું તે સાંભળવાને પાસે ઉભી. "તારા શિક્ષક મને કહેવરાવે છે" તેના બાપે કહ્યું, "કે ગઈ કાલે તું ખરાબ રીતે વર્ત્યો હતો. મને આ સાંભળતાં ઘણી દીલગીરી ઉપજે છે. તેં શું કર્યું હતું?"

૪. **રામે** જવાબ આપ્યો, "મેં કંઇ ખોટું કીધું ન હતું. મેં ગોવિંદની ચોપડી ફરસબંધી ઉપર પાડી નાખી અને તેણે મને ગાળો દીધી, અને એવી રીતે મેં વળતી તેને ગાળો દીધી. તેણે શોરબકોર કીધો ને

મને અપશબ્દો કહ્યા. મેં વળી એવુંજ કર્યું. બાપા શું આ ખોટું હતું ? શિક્ષક, મારા ને ગોવિંદ બન્નેના ઉપર ગુસ્સે થયા."

૫. તેના બાપે જવાબ આપ્યો: "મારા વહાલા દીકરા તેં ખરાબ કર્યું. તારા શિક્ષક મને કહેવરાવવામાં તદ્દન ખરા છે. તારે કોઇને ગાળ દેવી જોઇએ નહિ. એક સારો છોકરો, જો તેને બીજા ગાળો દઇ જાય છતાં કોઇને ગાળ દેતો નથી. ખરાબ શબ્દો સારા છોકરાના મોંમાંથી કદી નીકળવા જોઇએ નહિ. ખરાબ શબ્દો કચરા જેવા છે; ને તને ભ્રષ્ટ કરે છે. અરે ! મારા દીકરા કદી અપશબ્દો વાપરતો નહિ."

૬. તેની માએ કહ્યું: "એ બરાબર છે. ફક્ત દુષ્ટ છોકરાઓજ ખરાબ શબ્દો વાપરે છે. મારા વહાલા દીકરા તેં તારા બાપને ખરાબ શબ્દો વાપરતા સાંભળ્યા છે ? તે જે કહે છે તે ધ્યાનમાં રાખ અને તે જે કહે તે કર."

૭. રામ ભલો છોકરો હતો. તે તેનાં બાપ અને માને ચાહતો હતો અને તેમને રાજી રાખવાની ઇચ્છા રાખતો હતો. "હવે ફરીથી હું કદી અપશબ્દ વાપરીશ નહિ, બાપા !" તેણે કહ્યું; અને તેણે વચન પાળ્યું.

Grammar.

Adjective (ઍડજેક્ટિવ)=વિશેષણ.
Kind (કાઇન્ડ)=જાત.
Sort (સૉર્ટ)=જાત.
Describe (ડીસ્ક્રાઇબ)=વર્ણન કરે છે.
Are added (આર ઍડેડ)=ઉમેરવામાં આવ્યાં.
Is sure (ઇઝ શ્યૉર)=ખાત્રીબંધ છે.
Person (પરસન)=વ્યક્તિ.

---

20. The Dog in the Manger=ઘાસની ગંજીમાંનો કુતરો.

Manger (મૅન્જર)=ઘાસની ગંજી.
An old ox=એક ઘરડો બળદ.
Had worked very hard=સખત કામ કીધું હતું.
In the evening=સાંજે.
Came home=ઘેર આવ્યો.
Dinner (ડિનર)=ભોજન.
Hay (હે)=સુકું ઘાસ.

Walked up (વૉકડ અપ)=ઠેઠ ગયો.
Looked into=અંદર જોયું.
On the top of his dinner= તેના ખાણાની ટોચે.
Stranger (સ્ટ્રેન્જર)=અજાણ્યો, અજ્ઞાત.
Angry voice cried (ઍંગ્રિ વૉઇસ ક્રાઇડ)=ગુસ્સાથી ભરેલા અવાજે બોલ્યો.
Bow! Wow! (બાઉ! વાઉ!)= કુતરાના ભસવાનો અવાજ.
Nap (નૅપ)=ઝોકું.
I am taking a nap=હું ઝોકું ખાઉં છું.
Can't come here (કાન્ટ કમ હીયર)=અહીયાં આવી શકે નહિ.
Just now (જસ્ટ નાવ)=હમણાંજ.
Go away (ગો અવે)=ચાલ્યો જા.
Weather (વીધર)=હવા.
The weather is hot=હવા ગરમ છે, તાપ પડે છે.

I Want to sleep=મારે ઉંઘવું છે.
As you see=જેવો તું જુએ છે.
Will keep (ઉવિલ કીપ)=રહીશ.
Snapped (સ્નૅપ્ડ)=ધમકાવ્યો.
Snarled (સ્નાર્લ્ડ)=ઘુરકીયાં કર્યા.
To Fight (ટુ ફાઇટ)=લડવાને.
Who knew well=જે બરાબર જાણતો હતો.
How the dog could bite= કુતરો કેમ કરડી શકે.
Bite (બાઇટ)=કરડવું.
Turned (ટર્ન્ડ)=પાછો ફર્યો.
Quietly (ક્વાએટલિ)=બોલ્યા ચાલ્યા સિવાય.
Turned quietly round=છાનો માનો ચક્કર ફર્યો.
Hungry (હંગ્રિ)=ભૂખ્યો.
At all=તદ્દન, બીલકુલ.
Selfish (સેલ્ફીશ)=સ્વાર્થી.
Stands in=માં રહે છે.
Danger (ડેન્જર)=બ્હીક, ભય.
Of being called=કહેવાને.

૧. એક ઘરડો બળદ કે જેણે આખો દિવસ સખત કામ કર્યું હતું, તે સાંજે સૂકા ઘાસનું ભોજન કરવા ઘેર આવ્યો. પણ જ્યારે તે ઠેઠ પહોંચ્યો અને તેની ગંજીમાં જોયું તો તેના ખોરાકની ટોચ ઉપર એક અજાણ્યાને જોયો. અને એક ગુસ્સે થએલા અવાજે "બાવ! વાવ! વાવ! હું ઉંઘનું ઝોકું ખાઉં છું, તું અહીયાં હમણાં આવી શકે નહિ" એમ કહ્યું.

૨. બળદે કહ્યું, "પણ કુતરા! તું કંઈ સૂકું ઘાસ ખાઈ શકતો નથી!" કુતરે કહ્યું, "હા હા, તે હું જાણું છું. ચાલ્યો જા. હવા ગરમ છે ને મારે ઉંઘવું છે, તું જુએ છે તેમ આ રહ્યો હું અને અહીંયાં રહેવાનો."

૩. તે ધમકાવા લાગ્યો ને ઘૂરકવા લાગ્યો, ને લડવાનું શરૂ કીધું. તેથી બળદીયો જે સારી રીતે જાણતો હતો કે કુતરો કેમ કરડી શકે, તે છાનોમાનો ભૂખ્યો, પૂઠ ફેરવીને ચાલ્યો ગયો, અને તે દિવસે તેને બાલ-કુલ ખાવાનું મળ્યું નહિ.

જેઓ સ્વાર્થી છે તેઓ હંમેશાં 'ઘાસની ગંજીમાંના કુતરા' એવું કહેવાવાના ભયમાં રહે છે.

Grammar.

Adjectives (ઍડજેક્ટિવ્ઝ)=વિશેષણો.
Continued (કન્ટિન્યુડ)=ચાલુ.
How much (હાવ મચ્ચ)=કેટલું.
Whose (હુઝ)=કોનું.
Point out (પોઈન્ટ આઉટ)=દેખાડવું.
Ugly (અગ્લિ)=બેડોળ, કદરૂપો.

---

21 A Good Bargain=સરસ સોદો.

Bargain (બારગેન)=સોદો.
Bazaar (બઝાર)=ચૌટું, બજાર.
Will you come=તમે આવશો?
I am going=હું જાઉં છું.
To buy (ટુ બાય)=ખરીદવાને.
Sweet-meat (સ્વીટ મીટ)=મીઠાઈ.
Some=થોડી.
How much money=કેટલા બધા પૈસા.
How much...sweetmeat with=કેટલા બધા પૈસાથી તમે મિઠાઈ ખરીદવાના છો?
Money (મની)=પૈસા.
Annas (આનાઝ)=આના.
Rich (રિચ)=પૈસાદાર.
So much=એટલા બધા.
When did you get=તું ક્યાંથી લાવ્યો.

Goldsmith (ગોલ્ડસ્મિથ)=સોની.
Goldsmith's son (ગોલ્ડસ્મિથ્સ સન)=સોનીનો છોકરો.
Who comes=જે આવે છે.
Just made (જસ્ટ મેઇડ)=હમણાંજ કર્યો.
Bargain (બારગેન)=સોદો.
Sold (સોલ્ડ) વેચ્યું.
So much for it=એને માટે એટલા બધા.
You only paid (યુ ઓન્લિ પેઇડ)=તમે ફક્ત આપ્યો.
Might have bought=ખરીદી હોત.
Kites (કાઇટ્સ)=પતંગો.
A little fellow (ઍ લિટલ ફેલો)=નાનો માણસ.
Fellow (ફેલો)=માણસ, વ્યક્તિ.
Price (પ્રાઇસ)=કિંમત.
Anything (ઍનિથિંગ)=કોઈ ચીજ.
Bought (બૉટ)=ખરીદી.
For four annas=ચાર આનામાં.
At half price=અર્ધિ કિંમતે.
He was very glad=તે ઘણો ખુશ થયો.
Trusted (ટ્રસ્ટેડ)=વિશ્વાસ રાખ્યો.
Word (વર્ડ)=વચન, શબ્દ.
In order (ઇન ઑરડર)=તે માટે.
In order to cheat (ઇન ઑરડર ટુ ચીટ)=ઠગવાને માટે.
To cheat (ટુ ચીટ)=ઠગવું.
To cheat him out of four pice=ચાર પૈસા માટે ઠગવાને.
And this you call=અને આને તું કહે છે.
Go away=ચાલ્યો જા.
I am ashamed of you (આઇ ઍમ ઍશેમ્ડ ઑફ યુ)=હું તારાથી લજવાઉં છું.
Ashamed (ઍશેમ્ડ)=શરમ લાગી.
I will not be friends=હું મિત્ર થઇશ નહિ.
Liar (લાયર)=જુઠો.
Cheat (ચીટ)=ઠગારો.
Any more=વધારે વખત.
Cheated (ચીટેડ)=ઠગ્યો.
Trust (ટ્રસ્ટ)=વિશ્વાસ કરવો.
Shame (શેમ)=શરમ.
Do not put me to shame=મને શરમિંદો કરીશ નહિ, મારી ફજેતી કરીશ નહિ.
I will give him back the money=હું તેને પૈસા પાછા આપી દઇશ.

I am very sorry=હું ઘણો દીલગીર છું.
I told a lie=હું જુઠું બોલ્યો.
I will still be your friend=હું તારો હવે મિત્ર રહીશ.
Go at once=એકદમ જા.
Forget (ફરગેટ)=ભૂલી જવું.
Those (ધોઝ)=જેઓ.
Truth (ટ્રુથ)=સાચું.
Men never trust liars=માણસો જુઠાઓનો કદિ વિશ્વાસ કરતા નથી.
Will Make=કરશો.
Profit (પ્રૉફિટ) નફો, લાભ.
Little profit (લિટલ પ્રૉફિટ)=જરા નફો.
As soon as=જેવો-તેવો.
As soon as men find out=માણસોને જેવું માલમ પડે છે કે તરતજ.
Find out (ફાઇન્ડ આઉટ)=માલમ પડવું.
Even though (ઇવન ધો)=જોકે, તોપણ.
Even though you speak the truth=જો કે તું સાચું બોલે તોપણ.

૧. **ગોપાલ—વેંકટ** તું મારી સાથે બજારમાં આવીશ ? હું કેટલીક મિઠાઈ ખરીદવા જાઉં છું. હું તને થોડીક આપીશ.

૨. **વેંકટ—**અરે હા, હું આવીશ. કેટલા પૈસા તારી પાસે મિઠાઈ ખરીદવાને છે ?

૩. **ગોપાલ—**મારી પાસે બે આના છે.

૪. **વેંકટ—**અરે, તું તો પૈસાદાર છે ! આટલા બધા પૈસા ક્યાંથી મેળવ્યા ?

૫. **ગોપાલ**—સોનીનો છોકરો **રંગુ** જે આપણી નિશાળે આવે છે તેને તું ઓળખે છે ? મેં તેની સાથે હમણાં એક સરસ સોદો કર્યો છે. મેં મારી કાગળની પતંગ બે આનામાં તેને વેચી દીધી.

૬. **વેંકટ**—એને માટે તેણે એટલા બધા તને કેમ આપ્યા ? તું જાણે છે કે તેં તો ફક્ત એકજ આનો એને માટે આપ્યો હતો. **રંગુએ** બે આનામાં બે નવી પતંગો ખરીદી હોત.

૭. **ગોપાલ**—હા, પણ તે, તે જાણતો ન હતો. એતો એક નાનો માણસ છે. તે કોઇ ચીજની કિંમત જાણતો નથી. મેં તેને કહ્યું કે મેં ચાર આનામાં ખરીદી છે અને કહ્યું કે તેને હું અર્ધી કિંમતમાં તે આપવા ખુશી છું. તે મને તેના બે આના આપવાને ઘણો ખુશ થયો.

૮. **વેંકટ**—અને આવી રીતે એક નાના છોકરાને ચાર પૈસા માટે છેતરવાના હેતુથી જેણે તારા વચન ઉપર વિશ્વાસ રાખ્યો તેને તેં જુઠું કહ્યું. અને આને તું સરસ સોદો કહે છે. ચાલ્યો જા! હું તારાથી લજવાઉં છું. હું જુઠા અને ઠગોનો મિત્ર નહિ થાઉં. હું તારી સાથે હવે વધારે બોલીશ નહિ અને હું **રંગુ**ને કહીશ કે તેં તેને કેવી રીતે છેતર્યો છે. અને હું તેને કહીશ કે તેને તારો વિશ્વાસ કરવો જોઇએ નહિ.

૯. **ગોપાલ**—ઓ **વેંકટ**, મને શરમમાં નાંખ નહિ. હું મારી જાતેજ **રંગુ**ને કહીશ અને પૈસા પાછા આપીશ. હું ઘણો દીલગીર છું કે હું જુઠું બોલ્યો.

૧૦. **વેંકટ**—બહુ સારૂં ત્યારે, હવે હું તારો મિત્ર રહીશ. પણ તું એકદમ **રંગુ**ની પાસે જા અને કહે કે હું દીલગીર છું. નાના છોકરાને તેના પૈસા પાછા આપજે. કદી ભૂલીશ નહિ **ગોપાલ** કે માણસો, જે સાચું બોલે છે તેને ચાહે છે. જુઠાઓનો માણસો કદી વિશ્વાસ કરતા નથી. એક કે બે વખત તું જુઠું બોલવાથી થોડો નફો કરશે, પણ માણસો જેવો તને જુઠું બોલતો જાણશે કે તરત જ, જો કે તું સાચું બોલશે તોપણ કોઈ તારો વિશ્વાસ કરશે નહિ.

Grammar.

Adverb (ઍડવર્બ)=ક્રિયા વિશેષણ.
Fast (ફાસ્ટ)=જલ્દી.
Slowly (સ્લોલિ)=ધીમેથી.
Brightly (બ્રાઇટલિ)=ચકચકિત રીતે.
Quickly (ક્વીકલિ)=ચપળતાથી.

22. The Wind and the Sun=પવન અને સૂર્ય.

The wind (ધી વિન્ડ)=પવન.
The sun (ધી સન)=સૂર્ય.
Said (સેઇડ)=કહ્યું.
Stronger (સ્ટ્રૉન્ગર)=વધારે બળવાન.
Doubt (ડાઉટ)=શંકા કરવી, શંકા થવી.
I doubt (આઇ ડાઉટ)=હું શંકા કરૂં છું.
If that's true=જો તે સાચું હોય તો.
Let's have a try=ચાલો આપણે અજમાવીએ.
And see–you and I=અને જુઓ–તમે ને હું.
Whether (ઉવેધર)=કે નહિ.
One of us=આપણામાંથી એક.
Sturdy (સ્ટર્ડિ)=સખત બાંધાનો, મજબુત.
Young man (યંગ મૅન)=જુવાન માણસ.
Take off (ટેક ઑફ)=ઉતરવો.
Thick (થિક)=જાડો.
Cloak (ક્લૉક)=ડગલો, કોટ.
Would be (વુડ બી)=થશે.
Joke (જોક)=હાંસી, મશ્કરી.
Whoever (હુએવર)=જે કોઇ.
Succeeds (સક્સીડ્ઝ)=જીતે છે.
Shall be counted (શેલ બી કાઉન્ટેડ)=ગણવામાં આવશે.
Need (નીડ)=જોઈએ.
Quarrel (કૅારલ)=કજીઓ, તકરાર.
No longer (નો લૉન્ગર)=વધારે વખત નહિ.
What (ઉવૅાટ)=કેવી.
Fun (ફન)=મજાક.
That soon can be done=તરત તે કરી શકાશે.
Blew (બ્લ્યુ)=ફુંકાયો, ફુંકવા માંડયું.
Chilled (ચિલ્ડ)=ઠંડો કરી નાખ્યો.
Through (થ્રુ)=આખો ને આખો.
Bad cold (બેડ કોલ્ડ)=સજોખમ.
Throat (થ્રૉટ)=ગળું.
Colder (કોલ્ડર)=વધારે ઠંડો.
Grew (ગ્રુ)=થયો.
Tighter (ટાઇટર)=વધારે સખત.
Buttoned (બટૅન્ડ)=બટન વાસ્યાં.
Black coat (બ્લૅક કોટ)=કાળો કોટ.
Come now=ચાલ હવે.
It's my turn (ઇટસ માય ટર્ન)=મારી વારી છે.
To learn (ટુ લર્ન)=શીખવાનું.

Softly (સોફ્ટલિ)=ધીમેથી.
Quietly (ક્વાએટલિ)=શાંતિથી.
Storm (સ્ટોર્મ)=તોફાન.
Out came the sunshine=તડકો આવ્યો.
Hotter and hotter=વધારેને વધારે ગરમ.
Fell (ફેલ)=પડયાં.
Rays (રેઇઝ)=કિરણો.
Seemed (સીમ્ડ)=દેખાયું.
Haze (હેઝ)=ધુમસ.
In a haze (ઇન એ હેઝ)=ધુમસ જેવું.
I am so hot=હું એટલો તપી ગયો છું.
Drops (ડ્રોપ્સ)=ટપકાં.
Bear (બેર)=સહન કરવું.
Could not bear it=તેને સહન કરી શક્યો નહિ.
He could not Wear it=તેને તે પહેરી શક્યો નહિ.
Conquered (કોંકર્ડ)=જીત્યો.
You have conquered me= તમે મને જીત્યો છે.
for than=મારા કરતાંય વધારે.

૧. પવને સૂર્યને કહ્યું, "હું તારા કરતાં બળવાન છું." સૂર્યે પવનને કહ્યું, "મને શંકા રહે છે કે એ ખરૂં હોય. ચાલો આપણે અજમાવીએ અને જોઈએ. તું કે હું, એમાંથી એક પેલા સખત બાંધાના જુવાન માણસનો જાડો ડગલો ઉતરાવી શકીએ કે નહિ. એ એક સુંદર હાંસી થસે! જે કોઈ જીતે તેને બળવાન ગણવામાં આવશે, અને આપણે એ વિષે લાંબો વખત તકરાર કરવાની જરૂર નથી."

૨. પવને કહ્યું, "કેવી ગમત! તે હમણાંજ કરી શકાશે." એટલે તેણે ફુંકાવા ને ફુ[illegible]વા માંડયું અને તેણે માણસને આખોય ઠંડો કરી દીધો. માણસે કહ્યું, "મારા ગળામાં સખત ઠંડી લાગશે!" અને પવન વધારે ને વધારે ફુંકાવા લાગ્યો, તે વધારે ને વધારે ઠંડો થતો ગયો. અને તેના જાડા કોટને તેણે વધારે સખત બોરીયાં ભેરવ્યાં.

૩. સૂર્યે કહ્યું, "ચાલ હવે હું ધારૂં છું કે મારી વારી આવી છે. તને તરતજ દેખાશે કે તારે કંઇ શીખવાનું છે." તોફાન પછી ધીમેથી ને શાંતિથી નરમ, ને ગરમ તાપ આવ્યો. બધી હવા ધુમસવાળી દેખાતી

હોય ત્યાંસુધી વધારે ને વધારે ધીકતાં સૂર્યનાં કિરણો પડ્યાં. "અરે હું શું કરીશ હું ઘણો તપી ગયો છું." તેના મોં ઉપરથી ટપકાં પડતાં હતાં તેવે તેણે કહ્યું. તેણે કોટ ઉતારી નાખ્યો. કારણ કે તેને તે સહન કરી શકયો નહિ. તેને તે ચેર ઉચકી ગયો. કારણ કે તે પહેરી શકયો નહિ. પવને સૂર્યને કહ્યું, "તેં મને જીત્યો છે. તું મારા કરતાં વધારે બળવાન છે એમ હું જોઇ શકું છું."

Grammar.

Adverb (એડવર્બ)=ક્રિયાવિશેષણ.
Continued (કન્ટિન્યુડ)=ચાલુ.
How often (હાવ ઑફન)=કેટલીક વખત.
Of your own=તમારૂં પોતાનું.
Sweet (સ્વીટ)=મીઠું, સ્વાદિષ્ટ.
Hard (હાર્ડ)=કઠણ.
Green(ગ્રીન)=લીલું.
Loudly (લાઉડલિ)=મોટેથી.

---

23. Writing Letters=કાગળો લખવા વિષે.

Writing (રાઈટિંગ)=લખવા.
Letters (લેટર્સ)=કાગળો.
What are you doing=તમે શું કરો છો?
Am writing (એમ રાઇટિંગ)=લખું છું.
Have been sitting=બેઠેલો છું.
At the table=ટેબલ આગળ.
For half an hour=અર્ધા કલાકથી.
Nearly (નીયર્લિ)=લગભગ.
Is done (ઇઝ ડન)=પુરો થયો છે.
I have not done yet=મેં હજુ સુધી પુરો કર્યો નથી.
Hullo (હલ્લો)=અલ્યા!
You have not even begun=તેં શરૂ પણ કર્યો નથી.
Begun (બીગન)=શરૂ કરેલું.
How to write a letter=કાગળ કેમ લખવો.
Promised (પ્રોમિસ્ડ)=વચન આપ્યું.
I have tried=મેં પ્રયત્ન કરી જોયો.

Again and again=ફરીથી અને ફરીથી.

What to say=શું કહેવું ?

If Keshava were here=જો કેશવ અહીંયાં હોત.

Could talk (કુડ ટૉક)=વાત કરી શકત.

Would know (વુડ નો)=જાણે.

What to say=શું લખવું.

Would not sit=બેસે નહિ.

Say nothing=પાઠવે નહિ.

Easy to talk to any one= કોઇની સાથે વાત કરવી સહેલી છે.

Very hard to write=લખવું ઘણું અઘરૂં છે.

Think (થિંક)=વિચાર કર.

Is standing here=અહીંયાં ઉભો છે.

In front of you=તમારી સામે.

Write down (રાઇટ ડાઉન)= લખી લે.

Whatever (વૉટેવર)=જે કંઇ.

You would say (યુ વુડ સે)= તું કહે.

If he were here=જો તે અહીંયાં હોય. અંગ્રેજીમાં ત્રીજા પુરૂષ એકવચનની આગળ If આવ્યું હોય અને વાક્ય ભૂતકાળનું હોયતો was ને બદલે were વપરાય છે. માટે અહીંયાં If he were છે.

whenever (ઉવ્હેનએવર)=જ્યારે, જ્યારે.

Any body (ઍનિબડિ)=કોઇને.

Person (પરસન)=વ્યક્તિ, માણસ.

How to begin the letter= કાગળ કેવી રીતે લખવો.

Any letter (એનિ લેટર)=કોઇ કાગળ.

Uncle (અંકલ)=કાકા.

Aunt (આન્ટ)=કાકી.

My dear father=મારા વહાલા પિતાજી.

This is the way.........in the same way=અમારી સાથે તું બોલે અને એવીજ રીતે લખે એની આ રીત છે.

Cousin (કઝિન)=કાકાનો દીકરો.

You may begin=તમે શરૂ કરો.

My dear sister=મારી વહાલી બહેન.

Stranger (સ્ટ્રેન્જર)=અજાણ્યો.

You ought to say=તમારે કહેવું જોઇએ.

In the same way=એવી રીતે.

How must I end=હું અંતમાં કેવી રીતે લખું ?

I am=હું છું.

Your affectionate son=તમારો વહાલો દીકરો.

Nephew (નેવ્યુ)=ભત્રિજો.

Sincerely (સિન્સીયરલિ)=વિશ્વાસુ, ખાત્રીવાળો.

Faithfully (ફેઇથ્ફુલિ)=વિશ્વાસુ.

Obedient (ઓબીડિયન્ટ)=તાબેદાર, આજ્ઞાંકિત.

Pupil (પ્યુપિલ)=શિષ્ય.

Tale(ટેઇલ)=વાર્તા.

બાપ—ગોવિંદ તું શું કરે છે ?

ગોવિંદ—બાપા, હું કાગળ લખું છું.

બાપ—તું ટેબલ આગળ અર્ધા કલાકથી બેઠેલો છે. તારો કાગળ લગભગ પૂરો થવા આવ્યો છે ?

ગોવિંદ—ના, બાપા, હજુ મેં પુરો કર્યો નથી.

બાપ—મને તારો કાગળ જોવા દે. અલ્યા ! તેં શરૂ પણ કર્યો નથી !

ગોવિંદ—કાગળ કેમ લખવો તે હું જાણતો નથી, બાપા. મેં આજે કેશવને લખવા વચન આપ્યું હતું. મેં ફરીથી ને ફરીથી પ્રયત્ન કર્યો; પણ શું લખવું તે હું જાણતો નથી.

બાપ—જો કેશવ અહીંયાં હોય તો તું વાત કરી શકે, કેમ ખરૂંને ? શું કહેવું તે તું જાણુશે. અર્ધા કલાક સુધી તું છાનોમાનો બેસી રહે અને કંઈ ન લખાય !

ગોવિંદ—અરે ના ! બાપા. કોઈની સાથે વાત કરવી સહેલી છે; પણ લખવું ઘણું અઘરૂં છે.

બાપ—સારૂં, મારા દીકરા. કાગળ કેમ લખવો તે હું તને કહીશ. વિચાર કે કેશવ તારી સામે જ ઉભો છે. જો તે અહીંયાં હોય અને તું જે તેને કહે તે લખી લે. જ્યારે જ્યારે તું કોઈને લખે ત્યારે આમ કરજે. જો, વ્યક્તિ તારી આગળ હોય ને તું જે કહે તે લખજે.

ગોવિંદ—પણ કાગળ કેમ શરૂ કરવો તે હું જાણતો નથી !

બાપ—ગમે તે કાગળ કેમ શરૂ કરવો તે હું તને કહીશ. જો તું મને, તારી માને, તારા કાકાને કે કાકીને લખવાનો હોય તો આવી રીતે શરૂ કરજે:—"મારા વહાલા પિતાજી" અથવા "મારાં વહાલાં માતુશ્રી" અથવા "મારા વહાલા કાકાજી" અથવા "મારાં વહાલાં કાકી" આ રીતે તારે અમારી સાથે બોલવાનું અને એજ રીતે લખવાનું.

જ્યારે તું તારી બહેન **સીતાને** કે તારા ભાઇ **રામુને** કે તારા કાકાના દીકરા વીઠુને લખું ત્યારે "મારી વહાલી સીના" કે "મારી વહાલી બહેન" એમ તું શરૂ કરજે. તારા ભાઇને "મારા વહાલા રામુ" કે મારા વહાલા બંધુ" લખજે. અને તારા કાકાના દીકરા વિઠુને લખતાં "મારા વહાલા વિઠુ" કે "મારા વહાલા ભાઈ"થી શરૂ કરજે.

જ્યારે તું નિશાળમાં તારા શિક્ષક સાથે બોલે છે ત્યારે તું તેમને "સાહેબ" કહે છે. અને જ્યારે તું કોઇ અજાણ્યાને કે જેને તું ઓળખતો ન હોઉં ત્યારે તેને તારે "સાહેબ" કહેવું જોઈએ. અને એવીજ રીતે તારા શિક્ષકને કે કોઇ અજાણ્યાને જ્યારે લખું ત્યારે "મારા વહાલા સાહેબ" કે "વહાલા સાહેબ"થી કાગળ શરૂ કરવો.

ગોવિંદ—ને બાપા મારે કાગળને પુરો કેવી રીતે કરવો?

બાપ—તારે તારો કાગળ આ રીતે પુરો કરવો જોઇએ :—

તારા બાપને કે માને:—હું છું,

તમારો વહાલો દીકરો.

તારાં કાકા કાકીને:—હું છું,

તમારો વહાલો ભત્રિજો.

તારા કાકાના દીકરાને—હું છું,

તમારો વહાલો ભાઈ.

તમારાં બહેન કે ભાઇને—હું છું,

તમારો વહાલો બન્ધુ.

જેને તમે સારી રીતે ઓળખતા હો એવા મિત્રને

હું છું,
તમારો અંતઃકરણ પૂર્વક.

અથવા— હું છું,
તમારો ખાત્રીવાળો.

અજાણ્યાંને— હું છું,
તમારો વિશ્વાસુ.'

તમારા શિક્ષકને—

હું છું,
તમારો આજ્ઞાંકિત શિષ્ય.

---

24. Work with a Will=ખરા મનથી કામ કરો.

With a will (ઉવિથ એ ઉવિલ)=ખરા મનથી, અંતઃકરણથી.
Will (ઉવિલ)=મરજી, ખુશી.
You've work to do (you have)=તમારે કામ કરવાનું હોય.
Do it with a will=અંતઃકરણથી તે કામ કરો.
Reach (રીચ)=પહોંચે છે.
Top (ટૅાપ)=શિખર, ટોચ.
They who reach the top=જેઓ ટોચે પહોંચે છે તેઓ.
Climb (ક્લાઇમ્બ)=ચઢવું.
Must climb (મસ્ટ ક્લાઇમ્બ)=ચઢવું જોઇએ.
Hill (હિલ)=ડુંગર, ટેકરો.
Standing (સ્ટૅન્ડિંગ)=ઉભા રહીને.
Foot (ફુટ)=તળેટી.
At the foot=તળેટીએ.
Gazing (ગેઇઝિંગ)=તાકતાં, નજર કરતાં.
At the sky=આકાશ તરફ.
Get up=ઉપર જવું.

૧. છોકરાઓ, જ્યારે તમારે કામ કરવાનું હોય ત્યારે ખરા મનથી તે કામ કરો; છોકરાઓ, જેઓ ટોચે પહોંચે છે તેઓએ પહેલાં ટેકરા પર ચઢવું જોઇએ.

૨. છોકરાઓ, તમે ટોચે ઉભા રહી, આકાશ સામું તાકતાં, જો તમે યત્ન કદી નહિ કરો તો છોકરાઓ, તમે કેવી રીતે ચઢી શકશો?

Grammar.

Adverb (ઍડવર્બ)=ક્રિયાવિશેષણ.
Do added=ઉમેરવામાં આવ્યું છે.
Adjective (ઍડજેક્ટિવ)=વિશેષણ.
How much=કેટલું બધું.
Unless (અન્લેસ)=સિવાય, વગર, જો–તે નહિ.
Rather (રાધર)–જોકે, કેટલેક દરજ્જે, કંઈક પ્રમાણમાં.

---

25. Queen Victoria the good=ભલી રાણી વિક્ટોરીઆ.

Was a great queen=મહાન રાણી હતી.
Was also=પણ હતી.
Very gaod woman=ઘણી ભલી સ્ત્રી.
Did not know=જાણતી નહતી.
That=કે.
She would one day=તે એક દિવસ થશે.
At that time=તે વખતે.
William IV (વિલીયમ ધી ફોર્થ)=વિલીયમ નામનો ચોથો ઇંગ્લેન્ડનો રાજા.
Uncle (અંકલ)-કાકા.
To Victoria (ટુ વિક્ટોરીઆ)=વિક્ટોરીઆને.
Children (ચિલ્ડ્રન)=સંતતિ.
If she lived (ઇફ શી લિવ્ડ)=જો તે જીવે.
Until (અન્ટિલ)=ત્યાં સુધી.
Twelve years old=બાર વર્ષની ઉંમરની.
Then one day=પછી એક દિવસે.
Was having her lesson=તેના પાઠ કરતી હતી.
Lesson (લેશન)=પાઠ.
History (હિસ્ટરિ)=ઇતિહાસ.
On history=ઇતિહાસ ઉપર.
Told her=તેને કહ્યું.
Died (ડાઇડ)=મરે, [illegible] જાય.
Blew eyes (બ્લુ આઇઝ)=ભુખરી આંખો.
Filled (ફિલ્ડ)=ભરાઇ આવી.
Tears (ટીયર્સ) આંસુ.
Mamma (મંમા)=મા, મા.
Full of fears (ફુલ્લ ઑફ ફીયર્સ)=ધાસ્તી ભરેલું.
Duty (ડયુટિ)=ફરજ.
To do my duty (ટુ ડુ માય ડયુટી) =મારી ફરજ બજાવવાને.

I will be good=હું ભલી થઇશ.
From that day=તે દિવસથી.
Young (યંગ)=યુવાન.
Princess (પ્રિન્સેસ)=રાજકુમારી, શાહજાદી.
Learned her lesson=તેના પાઠો શીખી.
Did all she could do=જે બને તે બધું તેણે કર્યું.
To fit (ટુ ફિટ)-લાયક થવાને.
Years (ઇયર્સ)=વરસો.
Passed away (પાસ્ડ અવે)=વહી ગયાં.
Eighteen (એઇટીન)=અઢાર.
Died (ડાઇડ)=મરી ગયો.
Gentlemen (જેન્ટલમેન)=સદ્‌ગૃહસ્થો.
Were sent (વેર સેન્ટ)=મોકલવામાં આવ્યા.
To carry (ટુ કેરિ)=લઈ જવાને.
News (ન્યુઝ)=સમાચાર.
was then living=ત્યારે રહેતી હતી.
Palace (પૅલેસ)=મહેલ.
London (લન્ડન)=લન્ડન શહેર.
They were told=તેમને કહેવામાં આવ્યું.

was asleep (વૉઝ ઍસ્લીપ)=ઉંઘતી હતી.
However (હાવએવર)=જેમ બને તેમ, તેમ છતાં.
To meet (ટુ મીટ)=મળવાને.
As soon as=જેવું-તેવું.
Death (ડેથ)=અવસાન, મરણ.
Burst into tears (બર્સ્ટ ઇનટુ ટિયર્સ)=આંખમાં આંસુ આવ્યાં.
More than a year=એક વરસ કરતાં વધારે.
Was crowned (વૉઝ ક્રાઉન્ડ)=રાજ્યાભિષેક કરવામાં આવ્યો.
State (સ્ટેટ)=ભભકો.
In a very great state=ઘણાજ ભભકાથી
West minister (વેસ્ટ મિનિસ્ટર) =લંડનના એક મોટા દેવળનું નામ છે.
Abby (ઍબિ) દેવળ, મઠ.
Church (ચર્ચ)=દેવળ.
Have been crowned=રાજ્યાભિષેક કરવામાં આવ્યો છે.
Crown (ક્રાઉન)=રાજ્ય મુકુટ.
Lords (લોર્ડ્ઝ)=અમીરો, ઉમરાવો.
Forward (ફોરવર્ડ)=આગળ.
Knelt down (નેલ્ટ ડાઉન)=ઘૂંટણીએ પડયા.

Kissed (કિસ્ડ)=ચુમી લીધી.
People (પીપલ)=લોકો, પ્રજા.
Stood up=ઉભા થયા.
Sang (સૅન્ગ)=ગાયું.
God save the Queen=પરમેશ્વર રાણીનું રક્ષણ કરો.
Sixty-three (સિક્સ્ટિ થ્રી)=ત્રેસઠ.
Through (થ્રુ)=દરમ્યાન.
Through all these years=આ બધાં વર્ષો દરમ્યાન.
She did her duty=તેણે તેની ફરજ બજાવી.
To rule=રાજ્ય કરવાને.
To rule over the people=પ્રજા ઉપર રાજ્ય ચલાવવું.
So that-જેથી કરીને.
Troubles (ટ્રબલ્સ)=સંતાપો.
Sorrows (સૉરોઝ)=દીલગીરીઓ.
Lost (લૉસ્ટ)=ગુમાવ્યો.
Husband (હસબન્ડ)=ધણી, પતિ.
Dearly (ડીયર્લિ)=પ્રેમથી.
Loved (લવ્ડ)=ચાહતી હતી.
Young (યંગ)=નાની ઉંમરનાં.
Wars (વૉર્સ)=લડાઇઓ, યુદ્ધો.
Reign (રેઇન)=રાજ્ય.
Caused (કૅાઝડ)=થયું.
Grief (ગ્રીફ)=દુઃખ.
All through her reign=તેના બધા રાજ્ય દરમ્યાન.
She kept (શી કેપ્ટ)=તેણે પાળ્યું.
Promise (પ્રૉમિસ)=વચન.
Having reigned (હેવિંગ રેઇન્ડ) =રાજ્ય કરીને.
Longer (લૉન્ગર)=વધારે લાંબો વખત.
Mourned (મોર્ન્ડ)=શોક પાળ્યો.
Had been (હૅડ બીન)=હતી.
Loving (લવિંગ)=પ્રેમાળ.
Relation (રીલેશન)=સંબંધ.

ક્વીન વિક્ટોરીઆ મહાન રાણી હતી. વળી તે ભલી બાઇ હતી.

જ્યારે વિક્ટોરીઆ નાની છોકરી હતી ત્યારે તે જાણતી ન હતી કે તે એક દિવસ ગ્રેટ બ્રિટન અને આયર્લૅન્ડની રાણી થશે. તે વખતે ચોથો વિલીયમ રાજા હતો. અને તે વિક્ટોરીઆનો કાકો થતો હતો. તેને સંતતિ ન હતી.

૩. તેના મિત્રો જાણતા હતા કે જો વિક્ટોરીઆ જીવશે તો રાણી થશે; પણ તે બાર વર્ષની થઇ ત્યાં સુધી તે (વાત) જાણતી ન હતી.

૪. પછી એક દિવસ જ્યારે તે તેનો ઇતિહાસનો પાઠ કરતી હતી ત્યારે તેની માએ કહ્યું કે, જ્યારે વિલીયમ ચોથો મૃત્યુ પામશે ત્યારે તે રાણી થશે.

"મા, મા, તેં મને જે કહ્યું તે ધાસ્તી ભરેલું લાગે છે." તેવું કહે-તામાં નાની રાજકુમારીની ભુરી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.

"પણ હું મારી ફરજ અદા કરવા યત્ન કરીશ અને ભલી થઇશ."

૬. તે દિવસથી નાની રાજકુમારી પોતાના પાઠ ભણી અને પોતે રાણી થવાને લાયક જેટલું બને તેટલું કર્યું.

૭. વરસો વહી ગયાં, અને શાહજાદી વિકટોરીઆ ૧૮ વર્ષની ઉંમર-ની થઈ. ત્યારે તેનો કાકો વિલીયમ ચોથો દેવલોક પામ્યો. સવારમાં વહેલા બે સદ્ગૃહસ્થોને વિકટોરીઆ જે તે વખતે લન્ડનમાં એક મહેલમાં રહેતી હતી તેને સમાચાર પહોંચાડવાને મોકલવામાં આવ્યા.

૮. જ્યારે એ સદ્ગૃહસ્થો મહેલમાં આવ્યા, ત્યારે તેમને કહેવામાં આવ્યું કે શાહજાદી વિકટોરીઆ ઉંઘે છે. તરતજ જેમ તેમ કરી રાજકુમારી તેમને મળવા નીચે આવી.

૯. જેવું તેના કાકાના મરણ વિષે વિકટોરીઆને કહેવામાં આવ્યું તેવાંજ તેની આંખમાં આંસુ આવ્યાં. હવે તેણે જાણ્યું કે તે રાણી થવાની છે અને તેને મોટું કામ કરવાનું છે.

૧૦. એક વરસ કરતાં વધારે વખત પછી જુવાન રાણીને મોટા ભભ-કાથી વેસ્ટમિનિસ્ટરના દેવળમાં રાજ્યાભિષેક કરવામાં આવ્યો. લન્ડનમાં આ એક મોટું દેવળ છે. ઇંગ્લેન્ડનાં રાજા અને રાણીઓના રાજ્યાભિષેક તેમાં હંમેશાં કરવામાં આવ્યા છે. જ્યારે તેના માથા ઉપર મુકુટ પહેરાવવામાં આવ્યો ત્યારે મોટા અમીરો આગળ આવ્યા, ઘૂંટણીએ પડયા અને તેના હાથે ચૂમી લીધા.

૧૧. પછી બધા લોકો દેવળમાં ઉભા થયા અને "પ્રભુ રાણીનું રક્ષણ કરો" એમ ગાયું. વિકટોરીઆ ત્રેસઠ કરતાં વધારે વર્ષ રાણી રહી. આ

બધાં વર્ષ દરમ્યાન તેણે તેની ફરજ અદા કરી. તેણે પોતાની પ્રજા ઉપર એવું રાજ્ય કરવાનો યત્ન કર્યો કે જેથી તે સારી ને સુખી થાય.

૧૨. વિક્ટોરીઆ રાણીને ઘણા સંતાપો અને ઘણી પીડાઓ હતાં. તેનો પતિ જેને તે પ્રેમથી ચાહતી હતી તેને ગુમાવ્યો, તેની કેટલીક સંતતિ નાનપણમાં મરી ગઈ. તેના રાજ્યમાં ઘણી લડાઇઓ થઈ અને તેથી તેને ઘણું દુ:ખ થયું.

૧૩. પણ તેના બધા રાજ્ય દરમ્યાન તેણે ભલાં રહેવાનું અને પોતાની ફરજ અદા કરવાનું પ્રથમ વચન પાળ્યું. ઇંગ્લેન્ડના કોઇ પણ રાજા રાણી કરતાં વધારે વખત રાજ્ય કરી તે સને ૧૯૦૧ માં દેવલોક પામી. તેની બધી પ્રજાએ તેનો શોક પાળ્યો. કારણકે તે ભલી માતા, પ્રેમાળ પત્ની અને સાચી રાણી હતી.

---

26. The Camel=ઉંટ.

Camel (કૅમલ)=ઉંટ.
Hot lands=ગરમ પ્રદેશ.
Deserts (ડેઝર્ટસ)=રણો.
Dezert (ડેઝર્ટ)=રેતીનું રણ.
Big (બિગ)=મોટો.
Lump (લમ્પ)=ગઠ્ઠો, ટુકડો.
Hump (હંપ)=ખૂંધ.
Back (બૅક)=પીઠ.
Useful (યુઝફુલ)=ઉપયોગી.
For carrying=લઈ જવાને.
Bringing=લાવવાને.
Across (એક્રોસ)=આરપાર.
Sandy (સૅન્ડી)=રેતાળ.
Plains (પ્લેઇન્સ)=મેદાનો.
Sandy plains=રેતીનાં મેદાનો.
There it is so hot=ત્યાં એટલો બધો તાપ પડે છે.
Horse (હૉર્સ)=ઘોડો.
Beast (બીસ્ટ)=પશુ, જનાવર.
foot (ફુટ)=પગ.
Broad (બ્રૉડ)=પહોળા.
Soft (સૉફ્ટ)=પોચા.
Flat (ફ્લૅટ)=ચપટા.
Sink (સિંક)=ડુબવું, પેસી જવું.
Cross (ક્રોસ) ઓળંગે છે.
Often (ઑફ્ન)=ઘણી વખત.
To find (ટુ ફાઇન્ડ)=ખોળવાને.
Dry (ડ્રાય)=સુકું.

Is only found=ફક્ત મળે છે.

In ponds or wells=તળાવોમાં કે કુવામાં.

Apart (અપાર્ટ)=અલગ.

Caravan (કૅરૅવન)=પોઠ, સંઘ.

Can smell (કૅન સ્મેલ)=ની વાસ લઈ શકે છે.

A long way off= ઘણે દૂરથી.

Goes on and on=આગળને આગળ જાય છે.

Till he comes up to it=તેની પાસે આવે છે ત્યાં સુધી.

A good drink=અચ્છું પીણું, સારી રીતે પીવું તે.

Rider (રાઇડર)=સ્વાર.

As well=તેવીજ રીતે.

fills (ફિલ્સ)=ભરે છે.

Leather (લીધર)=ચામડાની.

Bottle (બૉટલ)=શીશો.

Leather bottle=ચામડાની કોથળી (પાણી ભરવાની), મશક.

Plenty (પ્લેન્ટિ)=પુષ્કળ.

Can live (કૅન લિવ)=જીવી શકે.

Without (વિધાઉટ)=વગર.

Drinking (ડ્રિંકિંગ)=પીવું.

For a long time=ઘણા વખત સુધી.

Great plains (ગ્રેટ પ્લેઇન્સ)= મોટાં મેદાનો.

Sand (સૅન્ડ) રેતી.

But (બટ)=સિવાય.

Where nothing can be seen but sand=જ્યાં રેતી સિવાય બીજું કંઈ જોવામાં આવતું નથી.

In them thereare=તેમાં છે.

Houses (હાઉસીઝ)=ઘરો.

Villages (વિલેજીઝ)=ગામો.

Even (ઇવિન)=પણ.

Roads (રોડ્ઝ)=રસ્તાઓ.

Seas (સીઝ)=દરીઆઓ.

Instead (ઇનસ્ટેડ)=ને બદલે.

Ships (શિપ્સ)=વહાણો.

Of such use=તેવાજ ઉપયોગનું.

As=એવું, આવું.

Dry sandy desert=સુકુ રેતીનું રણ.

Ship of the desert=રણનું વહાણ.

Line (લાઇન)=હાર.

Are armed with (આર આર્મ્ડ ઉવિથ)=હથીઆર બંધ હોય છે.

Goods (ગુડ્ઝ)=માલ, સામાન.

Spears (સ્પીયર્સ)=ભાલાઓ.

Caravan (કૅરૅવન)=પોઠ, સંઘ, વણઝાર.

૧. ઉંટ ગરમ પ્રદેશ જેને રણો કહેવામાં આવે છે તેમાં રહે છે.

૨. કેટલાંક ઉંટને પીઠ ઉપર ખૂંધ નામે એક મોટો ગઠ્ઠો હોય છે, ને કેટલાંકને બે હોય છે.

૩. ધીકતાં રેતીનાં મેદાનોમાંથી માણસોને ઉચકી જવા માટે અને વસ્તુઓને આરપાર લઈ જવા માટે ઉંટ ઘણું ઉપયોગી છે અને મજબુત છે. ત્યાં એટલો બધો તાપ પડે છે કે કોઈ ઘોડા કે કોઈ બીજું પશુ આ કામ કરી શકે એમ નથી. તેના પગ પહોળા, પોચાને ચપટા છે; જેથી કરીને તે રેતીમાં ડુબી જતા નથી.

૪. જે માણસો ધીકતાં મેદાનો ઓળંગે છે તેમને પાણી શોધવા ઘણે દૂર જવું પડે છે. તપતો સૂર્ય મેદાનોને સૂકવી નાખે છે અને ઘણે દૂર કુવા કે તળાવમાંથી ફક્ત પાણી મળે છે.

૫. ઉંટને ઘણે દૂરથી પાણીની વાસ આવી શકે છે, અને આગળ ને આગળ તેની પાસે આવે ત્યાંસુધી ચાલ્યા કરે છે. પછી તે અચ્છી રીતે પાણી પીએ છે, તેવીજ રીતે તેના સ્વારો પણ નીચે ઉતરે છે, અચ્છી રીતે પાણી પીએ છે અને ચામડાની કોથળીમાં પાણી ભરી લે છે.

૬. રેતીના રણમાં જતા પહેલાં ઉંટ પુષ્કળ પાણી પી લેછે, જેથી કરીને તે લાંબા વખત સુધી પાણી વિના, જ્યારે તે કુવાથી ઘણે દૂર હોય છે, ત્યારે ચલાવી શકે છે.

૭. રેતીનાં રણો મોટાં મેદાનો હોય છે, જ્યાં રેતી સિવાય બીજું કંઇ નજરે પડતું નથી. તેમાં ઘરો કે ઝાડો કે ગામો કે રસ્તાઓ હોતાં નથી. તે સમુદ્ર જેવાં દેખાય છે. તેમાં પાણીને બદલે રેતી દેખાય છે. માણસો વહાણમાં સમુદ્રને ઓળંગે છે, અને એમ ઉંટ માણસને એવાજ ઉપયોગનું છે, અને તે તેને સૂકા રેતીના રણની આરપાર લઇ જાય છે, માટે તેને "રણનું વહાણ" કહેવામાં આવે છે.

૮. માણસો ને માલને લઇ જતી લાંબી ઉંટોની હારને પોઠ કહેવામાં આવે છે.

27. The Elephant=હાથી.

Elephant (એલિફન્ટ)=હાથી.
Largest (લારજેસ્ટ)=મોટામાં મોટું.
Animal (ઍનિમલ)=પ્રાણી.
Ever (એવર)=કદી.
Large (લાર્જ)=મોટી.
Trunk (ટ્રન્ક)=સૂંઢ.
Feet (ફીટ) ફીટ.
It is five or six feet long=
 તે પાંચ કે છ ફીટ લાંબી છે.
Hangs down (હૅન્ગ્સ ડાઉન)=
 નીચે લટકે છે.
In front (ઇન ફ્રાન્ટ)=આગળ.
End (એન્ડ)=છેડો.
Lip (લિપ)=હોઠ.
Curls (કર્લ્સ)=વળે છે.
pick up anything=કોઇ પણ
 વસ્તુને ઉપાડી લે છે.
Piece (પીસ)=ટુકડો.
Two anna piece=બે આનાનો
 ટુકડો, બેઆની.
Lying (લાયિંગ)=પડેલો.
Feeds (ફીડઝ)-ખાય છે.
Lifts up (લિફ્ટસ અપ)=ઉપર
 ઉંચુ કરે છે.
Fills (ફિલ્સ)=ભરે છે.
Pours (પોર્સ)=રેડે છે.

Throat (થ્રોટ)=ગળું.
Male (મેલ)=નર.
Tusks (ટસ્કસ)=દંતશુળ, લાંબા
 હાથીના દાંત.
Very white (વેરિ ઉવાઇટ)=ઘણા
 સફેદ.
Smooth (સ્મૂધ)=સુંવાળા.
Hard (હાર્ડ)=સખત, કઠણ.
Dig up (ડિગ અપ)=ખોદી પાડવું.
Kill (કિલ)=મારી નાખવું.
Tiger (ટાઇગર)=વાઘ.
Tamed (ટેઇમ્ડ)=પાળેલા.
Timber yards=સાગની વખારો.
Timber (ટિંબર)=સાગનું લાકડું.
Weights (વેઇટસ)=વજનો.
Log (લૉગ)=લાકડાનો ટુકડો.
Could not move=હલાવી
 શકે નહિ.
Keeper (કીપર)=મહાવત, રાખનાર.
Feed him=તેને ખવરાવવાને.
Drive him=તેને હાંકવાને.
Obeys (ઓબેઇઝ)=તાબે થાય છે.
Wild (વાઇલ્ડ)=જંગલી.
Jungles (જંગલ્સ)=જંગલો.
Forests (ફૉરેસ્ટસ)=જંગલો.
Thick (થીક)=ગાઢાં.

Some times=કોઇ કોઇ વખતે.
As many as=જેટલા.
Sixty (સિક્સ્ટી)=સાઠ.
Drove (ડ્રોવ)=ટોળું.
State (સ્ટેટ)=હાલત.
Wild state=જંગલી હાલત.
Bamboos (બૅમ્બુઝ)=વાંસ.
Are caught and tamed= પકડવામાં આવે છે, અને પાળવામાં આવે છે.

૧. જમીન ઉપર રહેતાં પ્રાણીમાં હાથી એ મોટામાં મોટું પ્રાણી છે. તમે કદી એક જોયો છે? હાથીના ચિત્ર તરફ જુઓ.

૨. તેને એક મોટી સૂંઢ છે. તે પાંચ કે છ ફીટ લાંબી છે. તેના માથાની આગળ તે નીચે લટકે છે. સૂંઢને છેડે એક જાતનો હોઠ, છે જે ઉંચે વિંટળાય છે. તેનાથી હાથી કોઇપણ વસ્તુ ઉપાડી લે છે. તે જમીન ઉપર પડેલી બે આની પણ ઉચકી શકે છે.

૩. હાથી તેની સૂંઢથી પોતાને ખવરાવે છે. તે તેને સૂંઢથી ઉપાડે છે અને ખોરાક તેના મોંમાં મૂકે છે. વળી તે સૂંઢથી પીએ છે. તેને તે પાણીથી ભરે છે. પછી તે તેનો છેડો મોંમાં મૂકે છે અને તેના ગળામાં પાણી નીચે રેડે છે.

૪. નર હાથીને બે લાંબા હાથીદાંત હોય છે. તેઓ ત્રણ કે ચાર ફુટ લાંબા હોય છે. તેઓ ઘણા સફેદ, સુંવાળા અને કઠણ હોય છે. તેનાથી તે ઝાડને ઉખેડી નાખે છે અને વાઘને મારી શકે છે.

૫. હાથી ઘણા બળવાન હોય છે. જ્યારે પાળેલા હોય છે ત્યારે માણસ માટે કામ કરે છે. હિન્દુસ્તાનમાં ને બ્રહ્મદેશમાં તેઓ સાગની વખારમાં કામ કરે છે, અને સાગ અને બીજાં ભારે વજનો તે ઉંચાં કરી લઇ જઇ શકે છે.

૬. હાથી તેના દંતશુળ ઉપર લાકડાના ટુકડા જે ચાર કે પાંચ માણસો પણ હલાવી શકે નહિ તે ઉચકી જાય છે. તે તેની પીઠ ઉપર પાંચ કે છ માણસને ઉચકી જઇ શકે છે.

૭. તેની પાછળ જોવાને, ખવરાવવાને અને હાંકવાને એક મહાવત હોય છે. મહાવત તેને ઉભો રાખી શકે છે, સૂવાડી શકે છે. હલાવી કે શાંત પોતાની મરજી પ્રમાણે ઉભો રાખી શકે છે. તે તેના મહાવતને તાબે થાય છે.

૮. જંગલી હાથીઓ જંગલમાં રહે છે. કેટલાય હાથીઓ હિન્દુસ્તાન અને બ્રહ્મદેશનાં જંગલોમાં છે. ગાઢા જંગલમાં ટેકરાઓ પાસે તમે કોઈ વખતે સાઠ જેટલા ટોળામાં તેઓને જોશો.

૯. જંગલી સ્થિતિમાં હાથી વાંસ ઉપર અને ઝાડનાં પાંદડાં ઉપર જીવે છે. જંગલી હાથી પકડવામાં આવે છે અને પાળવામાં આવે છે.

---

28. Hira = હિરા.

Once (વન્સ)=એક વખત.
Tame (ટેઇમ)=પાળેલો.
Tame elephant=પાળેલો હાથી.
Named (નેઇમ્ડ)= નામે, નામનો.
Finest (ફાઇનેસ્ટ) = સારામાં સારો.
In all the country=આખા દેશમાં.
His master (હિઝ માસ્ટર)= તેનો ધણી.
Proud (પ્રાઉડ)=અભિમાની, ગર્વ.
Was very proud of him= તેને માટે ઘણો મગરૂર હતો.
Obedient (ઓબીડિયન્ટ)=તાબેદાર, આજ્ઞાંકિત.
Brave (બ્રેવ)=બહાદુર.
Gentle (જેન્ટલ)=નમ્ર.
Had use to carry=તે લઇ જતો હતો.
Flag (ફ્લૅગ)=વાવટો.
King's flag (કિંગ્સ ફ્લૅગ)=રાજાનો વાવટો.
Battle (બૅટલ)= લડાઈ, યુદ્ધ.
Howdah (હૌદ્દે)=હોદ્દો, અંબાડી.
Seat (સીટ)=બેઠક.
Ill treated (ઇલ ટ્રીટેડ)=ખરાબ વર્તણુક ચલાવી.
Keeper's children=મહાવતનાં બાળકો.
Used to play =રમતાં હતાં.
Without (વિધાઉટ)=વગર, વિના.
Fear (ફીઅર) =બીક.
Would obey (વુડ ઓબે)=તાબે થવાનું ગમતું.

No one else (નો વન એલ્સ)=બીજા કોઇને નહિ.
Else (એલ્સ) = બીજો કોઈ.
But (બટ)=સિવાય.
Soon after=તરતજ.
Struck (સ્ટ્રક)=વાગ્યું.
Still (સ્ટિલ)=હજુ સુધી.
Would not move=ખસ્યો નહિ.
Firm (ફર્મ)=દૃઢ.
He stood firm=તે દૃઢ ઉભો રહ્યો.
Waving (વેવિંગ) = ઉડતો, ફરફરતો.
Above him=તેની ઉપર.
Arrows (ઍરોઝ)=બાણો.
Flying (ફ્લાયિંગ)=ઉડતાં.
Through the air=હવામાંથી.
Soldiers (સોલ્જર્સ)=સૈનિકો, યોદ્ધાઓ.
Still flying in the battle=લડાઇમાં હજુ ઉડતો.
Sight (સાઇટ)=દૃષ્ટિ.
Cheered (ચીયર્ડ)=ઉશ્કેર્યા, ખુશી કીધા.
The sight cheered them=દેખાવે તેમને ઉશ્કેર્યા.
To fight (ટુ ફાઇટ)=લડવું.
Began to fight=લડવા લાગ્યા.
During (ડ્યુરિંગ)=દરમ્યાન.

Was killed (વૅાઝ કિલ્ડ)=હણાયો, મરાયો.
Arrow (ઍરો)=બાણ, તીર.
Hit him (હિટ હિમ)=તેને વાગ્યું.
Hit (હિટ)=વાગ્યું.
Killed (કિલ્ડ)=હણ્યો, જીવથી માર્યો.
Fell off (ફેલ ઑફ)=ઉપરથી પડી ગયો.
Army (આર્મિ)=લશ્કર, સૈન્ય.
At the same time=તેજ વખતે.
To give way=ભાગવાને, નાશવાને.
Began to give way=ભાગવા લાગ્યું.
Before he died = મરતા પહેલાં.
To move (ટુ મુવ)=ખસવાને.
Was dead (વૅાઝ ડેડ)=મરી ગયો હતો.
Dead (ડેડ)=મરેલું.
Waited (વેઇટેડ) = રાહ જોઈ.
Patiently (પેશન્ટલિ)=ધીરજથી.
To hear his next order=તેનો બીજો હુકમ સાંભળવાને.
Bravely (બ્રેવલિ) =બહાદુરીથી.
Shout (શાઉટ) = કિકિઆરી, બુમ.
Rushed (રશ્ડ) = ધસ્યા.

Enemy (એનીમિ)=દુશ્મન.
Upon (અપૉન)=ઉપર.
Drove (ડ્રોવ)=હાંકી કાઢયા.
Field (ફીલ્ડ) = રણક્ષેત્ર.
Do so =તેમ કરવાને.
At last (ઍટ લાસ્ટ)=આખરે.
Perhaps (પરહૅપ્સ)=કદાચ.
Listen (લિશન)=સાંભળવું.
Brought (બ્રૉટ)=આણ્યો.
To knill down (ટુ નીલ ડાઉન)=ઘૂંટણે બેસવાને.
Voice (વૉઇસ) =અવાજ.
Obeyed (ઓબેઇડ)=તાબે થયો.
At once-એકદમ.
Mounted (માઉન્ટેડ)=અંબાડીએ ચઢ્યો. હાથી ઉપર ચઢ્યો.
Drove him home=ઘેર હાંકી ગયો.
Hera was only a beast=હીરા ફક્ત પશુ હતો.
Beast (બીસ્ટ)=જનાવર, પશુ.
He would have died = તે મરી ગયો હોત.
Disobey (ડિસ ઓબે)=અનાદર કરવો.
Rather than disobey = અનાદર કરવા કરતાં.
By his bravery and obedience=તેની બહાદુરી અને તાબેદારીથી.
Bravery (બ્રેવરિ)=બહાદુરી.
Obedience (ઓબીડિઅન્સ)=આજ્ઞાંકિતપણું, તાબેદારી.
Won (વન)=જીતી.

૧. એક વખત હીરા નામનો એક પાળેલો હાથી હતો. આખા દેશમાં તે સૌથી સુંદર હાથી હતો, અને તેનો ધણી રાજા તેને માટે ઘણો મગરૂર હતો. તે આજ્ઞાંકિત, બહાદુર અને નમ્ર હતો. તે રાજાનો ધ્વજ યુદ્ધમાં લઇ જતો હતો. તેની પીઠ ઉપર હોદ્દો કે અંબાડી હતી. જેમાં બે કે ત્રણ માણસો બેસી શકતા.

૨. તેનો મહાવત તેની સાથે કદી ખરાબ વર્તણુક રાખતો નહિ. અને બીક વિના મહાવતનાં બાળકો તેની સાથે રમતાં હતાં. હીરા મહાવતને અને તેનાં બાળકોને ચાહતો હતો, અને તેમના સિવાય બીજા કોઇનું કહ્યું માનતો નહિ.

૩. એક દિવસ યુદ્ધ દરમ્યાન હીરાનો મહાવત હણાયો. એક બાણ

તેને વાગ્યું અને તેને મારી નાખ્યો. તે નીચે પડી ગયો. હોદ્દામાંનાં માણસો પણ મરાયાં. અને તેજ વખતે રાજાના લશ્કરે ભાગવું શરૂ કીધું. પણ હીરાના મહાવતે મરતા પહેલાં તેને ત્યાંથી નહિ ખસવાની આજ્ઞા આપી હતી.

૪. હીરા જાણતો ન હતો કે તેનો મહાવત મરણ પામ્યો છે. તેથી તેનો બીજો હુકમ સાંભળવા તેણે ધીરજથી રાહ જોઈ. થોડી વાર પછી તેને એક બાણ વાગ્યું, પણ હજુ તે ખસ્યો નહિ. તે દૃઢતાથી રાજાના વાવટાને પોતા ઉપર ફરકાવતો ઉભો રહ્યો. ચિત્રમાં તમે તેને ઉભેલો અને હવાની અંદર ઉડતાં બાણો જુઓ છો. માણસો તેની ચારે બાજુ લડે છે.

૫. રાજાના સૈનિકોએ હજુય રણક્ષેત્રમાં વાવટો ફરકતો જોયો. આ દેખાવથી તેઓ ઉશ્કેરાયા અને તેઓએ વધારે બહાદુરીથી યુદ્ધ કરવા માંડ્યું. એક કિકિઆરીથી તેઓ દુશ્મનો ઉપર ધસ્યા અને રણક્ષેત્રમાંથી તેમને હાંકી કાઢ્યા.

૬. પણ હજુય હીરા ખસે નહિ. કોઈ તેને તેમ કરાવી શકે નહિ. આખરે કોઈ એક બોલ્યું: “ મહાવતના નાના દીકરાને બોલાવો. કદાપી હીરા તેનું સાંભળે. ” તેથી તેઓએ જે ફક્ત નવ વર્ષની ઉંમરનો છોકરો હતો તેને આણ્યો.

૭. નાના છોકરાએ હીરાને ઘુંટણે બેસવા કહ્યું. હીરા તેના અવાજને ઓળખતો હતો અને તેથી તેને એકદમ તાબે થયો. પછી નાનો છોકરો તેની ગરદન પર સ્વાર થયો અને તેને ઘેર હાંકી ગયો.

૮. હીરા ફક્ત એક પશુ હતો; છતાં આજ્ઞાભંગ કરવા કરતાં તે મરી ગયો હોત. તેની બહાદુરી અને આજ્ઞાધારીપણાથી તેણે તેના રાજાને માટે લડાઈ જીતી.

Grammar

Preposition (પ્રેપોઝિશન)=શબ્દ-યોગી અવ્યય.

Position (પોઝિશન)=સ્થિતિ, જગ્યા.

Empty (એમ્પ્ટી)=ખાલી.

29. The Ox and the Frog=બળદ અને દેડકો.

Ox (ઑકસ)=બળદ.
Frog (ફ્રૉગ)=દેડકો.
Brown (બ્રાઉન)=ભુખરો.
Hopped (હૉપ્ડ)=કુદ્યો.
Hopped out=કુદી બહાર આવ્યો
Tank (ટૅન્ક)=તળાવ.
Quite early (ક્વાઇટ અર્લિ)=ઘણો વહેલો.
Away from the bank=કિનારાથી દૂર.
Dawning (ડૉનિંગ)=પ્રભાતનું થવું.
The day was dawning=દિવસ થતો હતો.
Suddenly (સડનલિ)=એકદમ.
Stopped (સ્ટૉપ્ડ)=ઉભો રહ્યો.
Turn round=પુંઠ ફેરવી.
In great alarm=ઘણી બ્હીકથી.
In a hurry (ઇન ઍ હરિ)=ઉતાવળમાં
Lest (લેસ્ટ)=રખેને.
Should come to harm=નુકશાનમાં આવી પડે.
What is the mater=શી બાબત છે.
Dad (ડાડ)=બાપા.
Old frog (ઓલ્ડ ફ્રૉગ)=વૃદ્ધ દેડકો.
Had watched જોયો હતો, તપાસ રાખી હતી.
Him go=તેને જતાં.
Ill (ઇલ)=માંદો.
Are you ill=તું માંદો છે.
Afraid=બીન્યો છે.
Mad (મૅડ)=ગાંડો.
Have you gone mad=શું તું ગાંડો થયો છે.
So=એવી રીતે.
Are trembling (આર ટ્રેમ્બલિંગ) ધ્રુજે છે.
Let us fly=ચાલો આપણે ભાગીએ.
There's=There is.
monster (મૉન્સ્ટર)=રાક્ષસ.
Close by=છેક પાસે.
He will eat us=તે આપણને ખાઇ જશે.
As large as=જેટલો મોટો.
Horns (હૉર્ન્સ)=શીંગડાં.
All red (ઑલ રેડ)=બધી લાલ.
As for his tail=અને તેની પૂંછડી માટે કહેતા હો તો.
Pale (પેઇલ)=ફીકકો.
It made me turn pale=તેણે મને ફીકકો બનાવી દીધો, મારા હોસકોસ ઉડી ગયા.

Length (લેન્થ)=લંબાઈ.
Strength (સ્ટ્રેન્થ)=બળ.
Pooh (પુહ)=છીટ.
Father frog=બાપ દેડકો, મોટો દેડકો.
That's only an ox=એ તો ફક્ત બળદજ છે.
Meek (મીક)=ગરીબ, રાંક.
Mild (માઇલ્ડ)=નમ્ર.
He'll=He will.
Harm (હાર્મ)=ઇજા.
Even (ઇવિન)=પણ.
Bark (બાર્ક)=ભસે છે.
Bite (બાઇટ)=કરડે છે.
Tall (ટોલ)=ઉંચો.
Doubt (ડાઉટ)=શંકા.
Grand (ગ્રાન્ડ)=ભવ્ય.
To see (ટુ સી)=જોતાં.
On the whole=એકંદરે.
Vain (વેઇન)=ફોગટનો, મિથ્યાભિમાની.
As big as=જેટલો મોટો તેટલો.
As he spoke=જેવો તે બોલ્યો.
Blew (બ્લ્યુ)=ફુલ્યો, શરીર ફુલાવ્યું.
Blew himself out very big =તેણે પોતાના શરીરને ફુલાવી ઘણું મોટું કર્યું.
Strutted (સ્ટ્રટેડ)=ઉપસ્યો, ફુલ્યો.
Smiled (સ્માઇલ્ડ)=સ્મિત કર્યું.
proudly (પ્રાઉડલિ)=ગર્વથી.
Patted (પૅટેડ)=થાબડી.
Chest (ચેસ્ટ)=છાતી.
Was he bigger than that= એના કરતાંય વધારે મોટો હતો?
Very much bigger=ઘણોજ વધારે મોટો.
Plain (પ્લેઇન)=ચોકખું.
It was plain=તે ચોકખું હતું.
Surprised (સરપ્રાઇઝડ)=અચંબો પામ્યો.
To blow himself out=પોતાની જાતને ફુલાવવાને.
Puffed (પફ્ડ)=ફુલતો ગયો.
Swelled (સ્વેલ્ડ)=ઉપસતો ગયો.
No one ever saw=કોઇએ કદી જોયો નહિ.
So fat=એટલો બધો જાડો.
Standing in front=સામે ઉભા રહીને.
Gasped (ગેસ્પ્ડ)=હાંફતાં હાંફતાં બોલ્યો.
Dady dear=વહાલા પિતાજી.
Don't try any more=એથી વધારે પ્રયત્ન કરતા નહિ.
Health (હેલ્થ)=તન્દુરસ્તી.

It cannot be good for your health=તમારી તન્દુરસ્તી માટે તે સારૂં નથી.
Hurts (હર્ટ્સ)=ઇજા કરે છે.
I am sure=મને ખાત્રી છે.
Skin (સ્કિન)=ચામડી.
Grew (ગ્રુ)=થઈ.
Tight (ટાઈટ)=તંગ.
Face grew red=કાન્તિ રાતી થઈ.
Very nearly લગભગ.
Jumped out=બહાર કુદી પડતી.
Alas (ઍલાસ)=અફસોસ.
Worst (વર્સ્ટ)=સૌથી ખરાબ.
He blew...and he blew=બસ તે ફુલ્યોજ ફુલ્યો.
Story (સ્ટોરિ)=વાર્તા.
true (ટ્રૂ)=સાચી.
Burst (બર્સ્ટ)=ફાટી ગયો.
He blew out...burst=તે ફાટી ગયો ત્યાં સુધી ફુલ્યો.

૧. એક ભુખરા રંગનો દેડકો સવારમાં વહેલો તેના તળાવમાંથી કુદીને બહાર આવ્યો. પ્રભાત થતું હતું અને તે કુદતો કુદતો કિનારેથી દૂર ગયો.

૨. તે ઘણે દૂર ગયો ન હતો, કે ઓચિન્તો તે ઉભો રહ્યો. ઘણા ભયથી તે પાછો ફર્યો, અને ઉતાવળમાં તેના તળમાં પાછો કૂદી પડયો કે રખેને તેને કંઇ ઇજા થાય.

૩. "કેમ, મારા બચ્ચા શી બાબત છે?" તેના બાપે, તેને જતાં તપાસ રાખી હતી તે ઘરડા દેડકે, બુમ મારી. "તું માંદો છે કે બીન્યો છે? કે તું ગાંડો થયો છે? તું કેમ આટલો ધ્રુજે છે"?

૪. "અરે, બાપ, ચાલો આપણે ભાગી જઈએ. અહીં પાસે એક મોટો રાક્ષસ છે. તે આપણને ખાઇ જશે," નાના દેડકાએ કહ્યું. "તે એક મોટા ઘર જેવડો છે. તેને માથે શીંગડાં છે. તેનું ગળું તદ્દન સફેદ છે. અને તેની પીઠ બધી લાલ છે; અને તેની પૂંછડી માટે તો જ્યારે મેં તેની લંબાઈ જોઇ અને એના બળ વિષે વિચાર કર્યો ત્યારે તેણે મને હોસકોસ વિનાનો બનાવ્યો."

૫. મોટા દેડકાએ કહ્યું, "છટ છટ! મારા વહાલા બચ્ચા, એતો ફક્ત એક બળદજ છે. તે ગરીબ ને નમ્ર છે; તે આપણને કંઇ નુકશાન

કરશે નહિ. તે દેડકાં ખાતો નથી. કુતરાની માફક તે ભસતો નથી કે કરડતો નથી.

૬. "એ સાચું છે કે તે ઉંચો છે. અને બેલાશક દેખાવમાં તેનાં શીંગડાં ને પૂંછડી ભવ્ય છે." અભિમાની દેડકે કહ્યું, "પણ એકંદરે હું તદ્દન તેના જેવડોજ મોટો છું!"

૭. જેવો તે બોલ્યો કે તરતજ તેણે પોતાનું શરીર ફુલાવી મોટું કર્યું. પછી તે આમતેમ ઉપસ્યો અને સ્મિત કીધું. અને ગર્વથી છાતી થાબડી તેણે કહ્યું, "મારા બાળક આના કરતાં તે મોટો હતો" ?

૮. બાળકે કહ્યું, "અરે ઘણોજ વધારે મોટો." પણ તેણે જે કહ્યું તે ખુલ્લું હતું. વૃદ્ધ દેડકો આશ્ચર્ય પામ્યો અને એકદમ ફરીથી પોતાની જાતને તેણે ફુલાવવા માંડી.

૯. તે ફુલતો ને ફુલતો ગયો, તે ઉપસતો ને ઉપસતો ગયો. કોઇએ આવા જાડા દેડકાને કદી જોયો ન હતો. પછી તેના છોકરાની સામે ઉભો રહીને હાંફતાં હાંફતાં તેણે કહ્યું, "તું ધારે છે કે આના કરતાં તે મોટો હતો." ?

૧૦. "અરે હા વ્હાલા બાપા એના કરતાં તે મોટો હતો. પણ હવે તમે મહેરબાની કરીને વધારે યત્ન કરતા નહિ; મને બ્હીક લાગે છે કે એ તમારી તન્દુરસ્તી માટે સારૂં નથી. મને ખાત્રી છે કે તે તમને ઘણી ઈજા કરે છે."

૧૧. પણ જેમ મેં આગળ કહ્યું તેમ દેડકો અભિમાની હતો. અને હજુય વધારે તેણે પોતાની જાતને ફુલાવવા યત્ન કર્યો. તેની ચામડી તંગ બની ગઈ, તેની કાન્તિ લાલ લાલ થઈ ગઇ, અને તેની આંખો જાણે હમણાંજ તેના માથામાંથી બહાર નીકળી જશે એવી થઈ ગઈ.

૧૨. પણ અફસોસ! આ ખરાબમાં ખરાબ ન હતું. તે ફુલતો ફુલતો, ફુલતો ને ફુલતોજ ગયો. મને ખબર નથી પણ જો વાત સાચી હોય તો તેઓ કહે છે કે તે ફાટી ગયો ત્યાં સુધી ફુલ્યો.

Grammar

Conjunction (કન્જંકશન)=ઉભયાન્વયી અવ્યય.
Joining (જોઇનિંગ)=જોડતો.
Junction (જંકશન)=સંગમ.

30. Ram and the Squirrel=રામ અને ખીસકોલી.

Squirrel (સ્ક્વીરલ)=ખીસકોલી.
The great and good=ભલા અને મોટા.
Sweet and pretty=મધુર અને નાજુક.
Together (ટુગેધર)=સાથે.
Hut (હટ)=ઝુંપડું.
Forest (ફૉરેસ્ટ)=જંગલ.
Rama's brother=રામનો ભાઇ.
Beautiful (બ્યુટિફુલ)=સુંદર, ખુબસુરત.
Golden (ગોલ્ડન)=સોનેરી.
Deer (ડીયર)=હરણ.
Ran past=બાજુએથી દોડયું.
To catch it and Bring it=તેને પકડવાને, અને લાવવાને.
Went after=પાછળ ગયા.
To find (ટુ ફાઇન્ડ)=શોધવાને.
Left (લેફ્ટ)=રહેવા દીધાં.
Alone (અલોન)=એકલાં.
Wicked (વિકેડ)=દુષ્ટ.
Wicked king named Ravan=રાવણ નામનો દુષ્ટ રાજા.
Came and carried away=આવ્યો અને ઉંચકીને લઇ ગયો.
Chief (ચીફ)=મુખ્ય.
City (સિટિ)=શહેર.
Lanka (લંકા)=દેશનું નામ.
South (સાઉથ)=દક્ષિણ.
Country (કન્ટ્રિ)=દેશ.
Found (ફાઉન્ડ)=માલમ પડયું.
Was not in their forest hut=તેમના જંગલના ઝુંપડામાં હતી નહિ.
was filled with Sorrow=દીલગીરીથી ભરાઇ ગયા.
Called on=બોલાવ્યાં.
Fishes=માછલીઓ.
Help him=તેને મદદ કરવા.
Coat (કોટ)=ડગલો, રૂંવાટી.
Quite Golden=તદ્દન સોનેરી.
Shone (શોન)=પ્રકાશતો હતો.
Sunshine=તડકો.

Just (જસ્ટ)=તેટલુંજ.
Playful (પ્લેફુલ)=રમતીઆળ.
Jumping along=આગળ કુદતું.
Sprang (સ્પ્રૅન્ગ)=કુદ્યું.
Sword (સોર્ડ)=તલવાર.
Ready to help you=તમને મદદ કરવાને તૈયાર.
Brave (બ્રેવ)=બહાદુર.
Stroked (સ્ટ્રોક્ડ)=થાબડી.
Tender (ટેન્ડર) = નાજુક.
Too small to be=થવાને ઘણું નાનું.
Nuts (નટસ)=ગર.
Jumping about=આમતેમ કુદતું.
Blessed (બ્લેસ્ડ)=આશીર્વાદ આપ્યો.
Raised (રેઈઝ્ડ)=ઉંચો કીધો.
Marks (માર્ક્સ)=ચિન્હો.
Fingers (ફિંગર્સ)=આંગળીઓ.
Lay on (લે ઑન)=પડી.
Fur (ફર)=રૂંવાંટી.

૧. ઘણા વખત પહેલાં મહાન અને ભલા રાજા રામ અને મધુર ને નાજુક રાણી સીતા થઈ ગયાં. રામના ભાઈ લક્ષ્મણ સાથે તેઓ જંગલમાં ઝુંપડીમાં રહેતાં હતાં.

૨. એક દિવસ, એક ખુબસુરત સોનેરી મૃગ તેમની પાસે થઈને દોડી ગયો, અને સીતાએ રામને પકડવાને અને તેની પાસે લાવવા કહ્યું. રામ તેની પાછળ ગયા; પણ પાછા આવ્યા નહિ. લક્ષ્મણ સીતાને એકલાં મૂકી રામને ખોળવા ગયા.

૩. પછી એક રાવણ નામે દુષ્ટ રાજા આવ્યો અને સીતાજીને ઘણે દૂર દક્ષિણ દેશમાં તેના મુખ્ય શહેર લંકામાં ઉચકીને લઈ ગયો.

૪. જ્યારે રામ પાછા આવ્યા અને માલમ પડ્યું કે સીતા તેમના જંગલના ઝુંપડામાં નથી, ત્યારે તે ઘણા દીલગીર થયા અને બધાં પક્ષી, પશુ અને માછલીઓને પોતાને સીતા શોધવામાં મદદ કરવા બોલાવ્યાં.

૫. પહેલું જે આવ્યું તે ખિસકોલી હતી. તે દિવસોમાં તેની રૂંવાંટી તદ્દન સોનેરી અને તડકામાં ચળકતી હતી. તે હાલના જેવીજ સુખી અને રમતીઆળ હતી. તે કુદતી આગળ આવી. રામની તલવાર ઉપર કુદી અને કહ્યું, "પ્રભુ હું આ રહી, સીતાને શોધવામાં મદદ કરવા."

૬. જ્યારે રામે જોયું કે ખીસકોલી કેવી ખુબસુરત અને બહાદુર છે અને તે કેવી તેમને મદદ કરવાને તૈયાર હતી ત્યારે તેમણે ધીરેથી તેને થાબડી અને કહ્યું, "નાના ભાઈ! દુષ્ટ રાજાના લશ્કર સાથે લડવાને સૈનિક થવા તું ઘણીજ નાજુક અને નાની છે. જંગલનાં ઝાડોમાં ફળનો ગર ખાતી અને આમતેમ કુદતી ને બીજાઓને તારી માફક આનંદી રાખતી રહે."

૭. આમ કહી મહાન રામે ખીસકોલીની પીઠ થાબડી અને આશીર્વાદ આપ્યો, અને જ્યારે તેમણે હાથ ઉંચો કીધો, ત્યારે તેમની આંગળીઓનાં ચિન્હો તેની સોનેરી રુંવાંટી પર પડયાં, અને હાલ પણ તમે તેને જોઇ શકો છો.

---

31. The Idle Boy=આળસુ છોકરો.

Once (વન્સ)=એક વખત.
Named (નેઇમ્ડ)=નામે.
Ranga (રંગા)=રંગા છોકરાનું નામ.
Only six years old=ફક્ત ૭ વર્ષનો.
Used to send=મોકલતા હતા.
Instead of=ને બદલે.
Outside=બહારની બાજુ.
Pleasant (પ્લેઝન્ટ)=આનંદદાયક, ખુશકારક.
It was a very pleasant morning=બહુ આનંદદાયક સવાર હતું.
The sun was shining=સૂર્ય પ્રકાશતો હતો.
Birds were singing=પક્ષીઓ ગાતાં હતાં.
To play about=આમતેમ રમવાને
To play with=સાથે રમવાને.
Had gone=ગયા હતા.
Running along=આગળ દોડતો.
Replied (રીપ્લાઇડ)=જવાબ આપ્યો.
Watch (વૉચ)=તપાસ રાખવી.
Thieves (થિવ્ઝ)=ચોરો.
Giet into=મહીં પેસી જાય.
Small stick=નાની સળેખડી.
Building (બીલ્ડિંગ) બાંધતો.
Am building (ઍમ બીલ્ડિંગ)= બાંધું છું.
Nest (નેસ્ટ)=માળો.

Finish (ફિનિશ)=પુરો કરવો, સમાપ્ત કરવો.

Rain (રેઇન)=વરસાદ.

Flew away=ઉડી ગયો.

Bees (બીઝ)=માખીઓ.

From flower to flower=પુષ્પે પુષ્પે.

Are gathering (આર ગૅધેરિંગ)=એકઠું કરીએ છીએ.

Honey (હની)=મધ.

Will be dead=ચીમળાઈ જશે, સુકાઈ જશે.

We must store up (વી મસ્ટ સ્ટૅાર અપ)=અમારે ભેગું કરવું જોઈએ.

Store up (સ્ટૅાર અપ)=ભેગું કરવું.

While we can get it=જ્યારે અમને તે મળી શકે.

We are too busy even to talk=અમે વાત કરવાને કામમાં નવરાં નથી.

Ants (ઍન્ટસ)=કીડીઓ.

Grain (ગ્રેઈન)=દાણા.

Was carrying away=દૂર ઉચકી લઈ જતી હતી.

Afterwards (આફ્ટર વર્ડ્ઝ)=પછીથી.

Proper (પ્રૅાપર)=બરાબર, યોગ્ય.

Proper time=યોગ્ય વખત.

To gather (ટુ ગૅધર)=ભેગું કરવાને.

Store up (સ્ટૅાર અપ)=સંગ્રહ કરવાને.

So that=જેથી કરીને.

We may have food to eat=અમને ખોરાક ખાવાને મળે.

Season (સીઝન)=ઋતુ.

No grain is growing=દાણા પાકતા નથી.

Have lost (હેવ લૅાસ્ટ)=ગુમાવ્યો છે.

Holes (હોલ્સ)=દરો.

As fast as=બને તેટલી ઉતાવળથી.

Except (ઍક્સેપ્ટ)=સિવાય.

Idle except me=મારા સિવાય આળસુ.

So busy (સો બીઝિ)=એટલાં બધાં કામમાં.

Then I too must be busy=ત્યારે મારે પણ ઉદ્યમી થવું જોઈએ.

As the master came=જેવા શિક્ષક આવ્યા.

૧. એક વખત રંગા નામનો એક નાનો છોકરો હતો. તે ઘણો નાનો

અને ફક્ત છ વર્ષની ઉંમરનો હતો. તેનો બાપ તેને દરરોજ નિશાળે મોકલતો હતો.

૨. એક સવારે નિશાળે જવાને બદલે ગામની બહાર ખેતરોમાં તે ગયો. ઘણું આનંદદાયી સવાર હતું, સૂર્ય પ્રકાશતો હતો અને પક્ષીઓ ગાતાં હતાં. રંગાને નિશાળે જવું ગમ્યું નહિ. તેને આખો દિવસ આમતેમ રમવું હતું. પણ ગામના બીજા બધા છોકરાઓ નિશાળે ગએલા હોવાથી તેની સાથે કોઈ રમનાર ન હતું.

૩. તેથી તેણે એક આગળ દોડતા કુતરાને જોયો, તેને બોલાવ્યો અને કહ્યું, "કુતરા આવ અને મારી સાથે રમ." પણ કુતરાએ જવાબ આપ્યો, "ના ના મારે આળસુ થવું ન જોઇએ. હું મારા ધણીનું ઘર સાચવવા જાઉં છું. મારે ઉતાવળે દોડવું જોઇએ, નહિતો કોઈ ચોર તેના ઘરમાં ઘુસી જાય."

૪. પછી રંગાએ એક કાગડાને મોંમાં નાની સળેખડી સાથે જોયો, અને તેણે કહ્યું, "કાગડા આવ ને મારી સાથે રમ."

૫. પણ કાગડાએ કહ્યું, "ના ના! મારે આળસુ થવું જોઇએ નહિ. હું મારો માળો બાંધું છું. અને વરસાદ આવે ત્યાર પહેલાં મારે તેને પુરો કરવો જોઇશે. હું કોઈની સાથે રમી શકું નહિ. મારે આખો દિવસ કામ કરવું જોઇએ." એમ કાગડો ઉડી ગયો.

૬. પછી રંગાએ કેટલીક માખીઓ પુષ્પે પુષ્પે ઉડતી જોઈ અને તેણે કહ્યું, "સુંદર મધમાખો આવો ને મારી સાથે રમો."

૭. પણ મધમાખીઓએ કહ્યું, "ના ના! અમે મધ ભેગું કરીએ છીએ. થોડી વારમાં ફુલો ચીમળાઈ જશે અને અમને મધ મળી શકશે નહિ. જ્યારે અમને મધ મળી શકે ત્યારે અમારે સંગ્રહ કરવો જોઇએ. અમારી સાથે વાત કરીશ નહિ. અમને વાત કરવાને કામમાં વખત નથી."

૮. પછી રંગાએ કેટલીક કીડીઓને આગળ જતી જોઈ. દરેક કીડીના મોંમાં ચોખાનો દાણો હતો કે જેને કીડીઓ ખેંચી જતી હતી. તેણે કહ્યું,

"કીડીઓ, મિનિટભર ઉભી રહો અને મારી સાથે રમો. તમે તમારું કામ પછીથી કરી શકો છો."

૯. પણ કીડીઓએ જવાબ આપ્યો, "ના ના! આ અમારે ખોરાક સંગ્રહ કરવાનો યોગ્ય સમય છે. અમે અત્યારે સંગ્રહ કરીએ છીએ કે જેથી જ્યારે અનાજ પાકતું નથી તે ઋતુમાં અમને ખાવાને ખોરાક મળે. અમે એક મિનિટ માટે પણ ઉભાં ન રહી શકીએ. હમણાં પણ તમારી સાથે વાત કરવામાં અમે કેટલોક વખત ગુમાવ્યો છે." આમ કીડીઓ તેમને તેમના નાના પગ લઈ જાય તેટલી ઝડપથી તેઓના દરોમાં ચાલી ગઈ.

૧૦. પછી રંગાએ કહ્યું, "શું ગામમાં મારા સિવાય કોઈ આળસુ નથી? શું કુતરાં, પક્ષીઓ અને વળી નાની કીડીઓ ને મધમાખીઓ આટલી ઉદ્યમી છે? ત્યારે મારે પણ ઉદ્યમી થવું જોઇએ." તેથી તે નિશાળે દોડી શકાય તેટલી ઉતાવળથી દોડી ગયો અને જેવા શિક્ષક આવ્યા કે તરતજ તે પહોંચી ગયો.

Grammar

Subject (સબ્જેક્ટ)=કર્તા.

Predicate (પ્રેડિકેટ)=કર્મ, કે ક્રિયાપદ, વિધેય.

સમાપ્ત.

ધી ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યા.
ઠે. સલાપોસ રોડ—**અમદાવાદ.**